ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૦ અંક: ૯ સપ્ટેમ્બર: ૨૦૧૮ સળંગ અંક : ૫૬૩

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.ecvm.net




ચારુતર વિદ્યામંડળ સંચાલિત  ગો.જો. શારદા મંદિર, રોટરી ક્લબ આણંદ અને ઈન્ટરક્લબ રાઉન્ડ ટાઉનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પેનલડીસ્કશન અને વાલી સંમેલન પ્રસંગે મંચસ્થ અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, આણંદ જિલ્લાના ડી.વાય.એસ.પી. સુશ્રી કોમલ વ્યાસ, ખેડા જિલ્લા સહાકરી મંડળીના રજિસ્ટ્રાર સુશ્રી રીનાબેન પટેલ વાલ્મિકી પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રીમતી રતનબેન પરમાર ૧૮૧ અભયમ યોજનાના કાઉન્સેલર સુશ્રી શબનમ ખલિફા, રોટરી ક્લબના પ્રમુખ ઉમાબેન પટેલ, ઈન્ટરવ્હિલ ક્લબના પ્રમુખ નિશાબેન ગાલા, પ્રોજેક્ટ ચેરમેન જાગૃતિબેન શેઠ તથા શાળાના આચાર્યા રીટાબેન પટેલ દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી.પટેલ સાયન્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ તથા મધ્યસ્થ સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વિદ્યાર્થી અભિમુખતા કાર્યક્રમ પરંપરા પ્રસંગે મંચસ્થ માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, સ.પ. યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. જાગૃતિબેન  સુવેરા, આચાર્યશ્રી ડૉ. બાસુદેવ બક્ષી, નોન એકેડેમિક ફોરમના કો-ઓર્ડિનેટર ડૉ. યોગેશ પટેલ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ પ્રા. શ્રેયા શાહ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કાર્તિક જગતાપ તથા વિદ્યાર્થી પ્રતિનિધિ દર્શિત શાહ દશ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

સપ્ટેમ્બર - ૨૦૧૮

વર્ષ: ૨૦ અંક: ૯

સળંગ અંક: ૫૬૩

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते



અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ

ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

શ્રી મેહુલ ડી. પટેલ

ડાયરેક્ટર જનરલ

ડૉ. એન.એમ. ઝવેરી



તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

આણંદ પ્રેસ, ગામડી- આણંદ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમૅન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**
**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર મુકવામાં આવે છે.**
**દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**येषां न विद्या न तयो न दानं ज्ञानं न शीलं त गुणो न धर्मः।**
**ते मृत्यु लोके भुवि भारभूता मनुष्यरुपेण मृगाक्षरन्ति ॥**

જેઓની પાસે નથી વિદ્યા કે નથી તપ, નથી દાન કે નથી જ્ઞાન, નથી ચારિત્ર્ય, નથી સદ્‌ગુણ કે નથી ધર્મ-મૃત્યુલોકમાં ધરતી પર ભારરૂપ બનેલા તેઓ મનુષ્યના રૂપમાં પશુઓની જેમ ચરી ખાય છે.

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

### આ માસની વિચારકણિકા

પૃથ્વી સમું નહીં બેમણું, આભ સમું નહીં છત્ર,
પ્રેમ સમી નહીં માધુરી, આપ સમો નહીં મિત્ર.
- ઉશનસ્


॥ અધ્યક્ષ સ્થાનેથી ॥
ઉષ્માભર્યો આવકાર
• શ્રી ભીખુભાઈ બી. પટેલ 3

॥ પ્રાથમ્ય ॥ ટીમલીડર
• એસ.જી. પટેલ 5

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
તુલસીદાસ, કબીર, ગેમલદાસ 7

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
આનંદનાં ઝરણાં
• કાકાસાહેબ કાલેલકર 8

॥ નવાં કાવ્યો ॥ સાહિલ, જિતેન્દ્ર પ્રજાપતિ,
પટેલ ધ્રુવિનકુમાર, મધુકાન્ત જોષી 9

॥ સમીક્ષા ॥
આજે દરેક ઘર ઝંખે છે- અજવાળી બા
• મહેન્દ્ર નાઈ 10

॥ અભ્યાસ ॥ અધ્યાય-૧૭
''શ્રદ્ધાત્રય વિભાગ યોગ''
• ઘનશ્યામસિંહ ગઢવી 15

॥ વાર્તા ॥ ચોરી
• પારુલ ખખ્ખર 17

॥ લઘુકથા ॥ ન્યાય
• હરિત પંડ્યા 19

॥ અભ્યાસ ॥ આપણો વૈદિક વારસો
• મિહિર એમ. વોરા 20

॥ આરોગ્ય ॥ યોગવિજ્ઞાનનું અમોઘ સાધનઃ
પ્રાણાયામ
• પી.ડી. શર્મા 21

॥ વિદ્યાવૃત્તા॥ 23

# ઉષ્માભર્યો આવકાર

## ભીખુભાઈ બી. પટેલ

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર એ પૂ.ભાઈકાકા દ્વારા સ્થાપિત ચરોતર પ્રદેશની નોંધપાત્ર વિદ્યાસંસ્થા છે. આ વિદ્યાસંસ્થા એના પ્રારંભકાળથી જે તે વિષયના તેજસ્વી પ્રતિભાઓને નિમંત્રણ પાઠવી એના વિદ્યાકીય વારસાને સમૃદ્ધ કરવા માટે જાણીતી છે. પૂ. ભાઈકાકાએ સમગ્ર દેશમાંથી એવા ઘણા તજજ્ઞોને તેડાવી વિદ્યાસંસ્થામાં સાચવી, એમનો લાભ લીધો છે. એનાં ખૂબ તેજસ્વી પરિણામો પ્રાપ્ત થયાં છે એના આપણે સૌ સાક્ષી છીએ. ત્યાર પછી ચારુતર વિદ્યામંડળની ગતિ-પ્રગતિ ઉત્તરોત્તર વધી રહી છે. પ્રાદેશિક સ્તરે નિર્માણ પામેલી આ વિદ્યાસંસ્થાની સિદ્ધિઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોંખાઈ છે, તથા આ વિદ્યાસંસ્થાના પુણ્ય પ્રતાપે લાખો પરિવારોમાં દીવા પ્રગટ્યા છે એનું આપણને સૌને ગૌરવ છે.

આવો ઉજજવળ વિદ્યાવારસો ધરાવતા આ ચારુતર વિદ્યામંડળના પાયામાં એના વિદ્યાકીય મૂલ્યોની જાળવણી અને સંવર્ધન રહ્યાં છે. એનું વિદ્યાકીય પોત સ્હેજેય પાતળું ન પડે એની જવાબદારી એના સંવાહકોના શિરે હોય છે. એનું વિદ્યાકીય માળખું વિકસતું અને વિસ્તરતું રહે, અને દુનિયાના પ્રવાહોની સાથે એની ગતિ જળવાઈ રહે એ હેતુથી આપણા જ વિસ્તારના મૂળ ભાદરણના વતની અને આપણી જ સંસ્થા બી.જે.વી.એમ.ના ભૂતપૂર્વ અધ્યાપક ડૉ. ભાવેશ પટેલની ચારુતર વિદ્યામંડળના બંધારણની જોગવાઈ અનુસાર કુલપતિ તરીકે વરણી કરતાં આનંદ અનુભવું છું.

ડૉ. ભાવેશ પટેલ પરદેશમાં રિસર્ચ સ્કોલર તરીકેની ખ્યાતિ તેઓ ધરાવે છે. દેશ-વિદેશની વિદ્યાકીય સંસ્થાઓનો બહોળો અનુભવ ધરાવે છે. અર્થશાસ્ત્ર, ફાઈનાન્સ વગેરે બાબતોના સારા અધ્યાપક અને સંશોધક છે. ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓના માર્ગદર્શક પણ છે. તેમનું તેજ આપણી વિદ્યાસંસ્થાઓમાં ઉમેરાતાં, તેમના માર્ગદર્શનથી સંસ્થાને અવશ્ય ફાયદો થશે એવી આશા સેવું છું અને આવી દૃષ્ટિવંત પ્રતિભાને કુલપતિ તરીકે ચારુતર વિદ્યામંડળના ઉષ્માપૂર્વક આવકાર આપતા આનંદ અનુભવું છું.

૩૧-૦૮-૨૦૧૮

## ટીમલીડર

એસ.જી. પટેલ

આપ એક ટીમ લીડર છો. લીડરશીપનો રોલ ભજવવા બદલ અભિનંદન. પણ, ખરેખર ટીમલીડર શું કરે છે ? એને મેનેજરનો રોલ ભજવવાનો નથી. ઘણા ટીમ લીડરોના ભાગમાં તેમના જ સાથીઓને ખખડાવવા કે ધમકાવવાનું હોતું જ નથી. વળી, એવું પણ નથી કે સામાન્ય કાર્યકર્તાની જેમ કામ કરીને સંતોષ લઈ લેવો. દરેક કંપની, મંડળ કે વિભાગના લીડરની જવાબદારીઓમાં ભિન્નતા હોઈ શકે. આમ છતાં ટીમ લીડર માટેની સફળતા મેળવવામાં ઉપયોગી થાય તેવી કેટલીક બાબતો ડૉ.સી.એલ.પટેલ સાહેબ સાથેના ૧૦ વર્ષના ગાળામાં જે કંઈ અનુભવ થયો તેવી વાતો રજૂ કરવા પ્રયત્ન કર્યો છે.

**Be Fair ઈમાનદાર બનો.**

ટીમ લીડર તરીકે તમારા સાથીઓમાં કામકાજની વહેંચણી કરવાની હોય તેમજ સમયપત્રક બનાવવું હોય છે. શકય છે કે તમારા સાથીઓ પૈકી કેટલાક પ્રત્યે તમારો લગાવ બીજાઓની સરખામણી કરતાં વધારે હોય, પણ એનો અર્થ એવો ન કરી શકાય કે તમો એમને લાભો મળે એવી તરફદારી કરો, તમારી તટસ્થતામાં ખામી હશે અને સાથીદારો ફરિયાદો કરતા થશે તો એમાં જ તમારી નેતાગીરીની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન શરૂ થશે. આવા સંજોગોમાં તમારા મેનેજરને જવાબદારી સોંપો કે તે બધા કાર્યકરોને ક્ષમતા પ્રમાણે વિશ્વાસમાં લઈ કામકાજનું વિભાજન કરે.

ટીમ લીડર હંમેશાં પોતાના સાથીદારો સાથે સતત કાર્યમાં મશગુલ રહે. જૉ તમો અવારનવાર સાથીઓ કે અન્ય લોકોની કુથલી કરતા રહેશો તો તમારા સાથીઓ પાસેથી માન મળવાની આશા નિષ્ફળ જશે.

તમારા સાથીદારોની ગેરહાજરીમાં તેમના વિષે ટીકા-ટીપ્પણી કે નકારાત્મક બોલવાનું બંધ કરો. જ્યારે તમારો કોઈ સાથીદાર બીજા કોઈ સહકાર્યકરની વિરુદ્ધમાં ફરિયાદ કરતો આવે ત્યારે, શોધી કાઢો કે આ સમસ્યા સાચી છે કે બનાવટી છે., જો તેમાં સત્યતા ન જણાય તો તે વાત સાંભળવાની જ બંધ કરી દો. જૉ ખરેખર સાચી સમસ્યા હોય તો તેની ઊંડી તપાસ કરી, પૃથ્થકરણ ધ્વારા એનો શકય એટલો વહેલો ઉકેલ લાવો. તેના વિષે કુથલી ન કરો અને સમસ્યાને ઉગતી જ ડામી દો.

તમો વિચારો છો કે હું ટીમ લીડર છું અને તમને પસંદ નથી એવી પ્રવૃત્તિમાંથી તમો મૂક્તિ પામો છો. હકીકતમાં આ વિચાર ભૂલભરેલો છે. આમ કરવાથી તમારા સાથીઓ જ એવી પ્રવૃત્તિથી દૂર ભાગશે, પણ જો આપ એવી પ્રવૃત્તિ જો જ કરવા લાગી જશો તો, પછી તમારા બધા સાથીઓને કંઇ પણ કહેવાનો જરૂર નહી પડે, બધા આપોઆપ વળગી પડશે અને તમારું કામને ઉઠરો.

જયારે તમારા પાસે hire / fire કરવાની સત્તા નથી, તો જેમની પાસે આવી સત્તા હોય એમને સમગ્ર ઘટના અંગે જાણકારી સાથે ભલામણ કરવાની જવાબદારી છે. આનો અર્થ એવો થાય છે કે તમારી જવાબદારી નવા કર્મચારીની નિમણૂંક માટે પ્રત્યક્ષાયન Interview લેવાની પણ હોય છે. આવા સંજોગોમાં આકરા નિર્ણયો લેવાની જરૂર પડે છે.

કેટલીકવાર તમારા સાથી કર્મચારીઓની ગેરશિસ્તના પરિણામે કડવા નિર્ણયો કે ભલામણો કરવી પડે છે. કદાચ કોઈને નોકરીમાંથી ફરજમોફુફી (suspension) અથવા બરખાસ્ત (Termination) કરવાની જરૂરિયાત ઊભી થાય તો એવાં કડક પગલાં ભરવામાં ખચકાટ ન આવવો જોઈએ. તમારી સમક્ષ આવતી કે ઊભી થતી સમસ્યાઓને ઉકેલવામાં શિક્ષાત્મક પગલાં ભરવાં અનિવાર્ય થતાં હોય છે. આ સંજોગોમાં સમયસૂચકતા વાપરી નિર્ણયો કરવામાં જ સફળ નેતાગીરીનો આધાર છે.

સાથી કર્મચારીઓને પગાર ચૂકવીએ છીએ એનો અર્થ એવો નથી કે તે હંમેશાં આપણાથી દબાયેલો કે ગભરાયેલો રહે. તે પણ એક મહત્ત્વનું કાર્ય સંભાળે છે, તેને પણ પોતાનું શરીર છે અને પરિવાર છે. તે તેના શરીરના અને પરિવારના ભોગે સેવા ન કરી શકે. તેને નિયમ પ્રમાણે મળવાપાત્ર હક્કોની જાળવણી થાય એ સબળ નેતાએ સતત ધ્યાન રાખવું જોઈએ.

તેણે કરેલા Over Timeની નોંધ રાખવી, તેની પાસે અતિશય કામ કરાવવાની આશા નકામી છે. ટૂંકમાં કાયદાકીય રીતે બધા જ સાથીદારોને હળવાશ અને મોકળાશની અનુભૂતિ થાય એવા વાણી-વ્યવહાર-વર્તન કરવા. કોઈકવાર એવું બને કે વિશિષ્ટ સંજોગોમાં સંસ્થાના નિયમો ઉપરાંત કયાંક છૂટછાટ આપી કોઈકનેં રાહત આપવાનો તમારો ઉમદા ઈરાદો હોય, છતાં, આવું કરી દેવું એ જોખમી છે. આપ ઇચ્છો તો સવિસ્તાર નોંધ તૈયાર કરી તમારા ઉપલા અધિકારોને વ્યાજબી નિર્ણય લેવા ભલામણ કરી શકો છો. આવું કરવાથી તમારી નીચેના કર્મચારી અને ઉપરના અધિકારી બંનેને સંતોષ થશે અને આપ ધાર્યું પરિણામ મેળવી સફળતાના શિખરો આંબી શકશો.

આવું બધું કરવા જતાં કદાચ તમને એવું લાગે કે આ કરવું બિનજરૂરી ગણાય, છતાં, આ જ યોગ્ય ઉપાય સમજવો. તેનાથી તમારા વિષેની સ્પષ્ટ છાપ ઉપસાવી

શકશો જે બીજા બધા માટે ઉદાહરણીય બની શકે. જૉ તમે સકારાત્મક અને આનંદી હશો તો તમારી આખી ટીમ તમારી સાથે ખડે પગે અઘરાં કામો કરવા તત્પર રહેશે અને સામૂહિક વંદનાના પુરષ્કૃત બનશો.

કોઈપણ સંજોગોમાં તમારા સાથીઓને મુશ્કેલીના ખડક સાથે ટકરાવશો નહી. જૉ તમો એમની સફળતાની ઉજવણીમાં સહભાગી થવા ઈચ્છતા હોય તો તેમની નિષ્ફળતાની ક્ષણોમાં સાથે ઊભા રહો.

યાદ રાખો કે ભૂલ થઈ જાય છતાં સમય અને સંજૉગોને ધ્યાનમાં લઈ તેમનો સહવાસ છોડશો નહીં. નેતૃત્વ પૂરુ પાડવુ એ આપની કારકિર્દી આગળ ધપાવવામાં મહત્ત્વનું કદમ છે. તમો તમારી ટીમ સામે બધામાં વિશ્વાસ મૂકી કટીબધ્ધ રહો એટલે સફળતા તમને શોધતી આવશે.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## Brief Profile of Bhavesh Patel, Ph. D.



Bhavesh Patel has recently started offering his honorary services as Vice Chancellor of CVM. He has a long academic, research, publishing and consulting career of 42 years. He started his academic career in 1976 after completing his masters in accounting from Gujarat University and in 1977 joined as lecturer in the BBA program started by BJVM. He left BJVM in 1985 to join XLRI, Jamshedpur as Assistant Professor and excelled to Associate and the Full Professor there. At XLRI, he taught accounting and finance courses, developed a few pedagogies like self-learning project-based courses, integrated business simulation game and decision support systems and also engaged himself with research, publications and business consulting.

In the year 2000, he and his family migrated to the USA where after working with Gap Inc. for nine months, he joined as Visiting Professor at California State University, Stanislaus, and then joined Myers University, where he got promoted and earned tenure within two years. He also served Myers University as Division Chair and as Chair of MBA Program. During his period he also taught at Cleveland State University as Adjunct Faculty.

In the year 2008-09 he earned Senior Fulbright Scholarship for Research and Teaching of the USA Government and spent a semester at the University of Balamand, Lebanon.

In early 2009, Dr. Bhavesh Patel returned to India to join as Director, School of Petroleum Management, PDPU, Gandhinagar. There he also held position of Director General for a semester. On completion of the term at PDPU he joined Ahmedabad University as Dean of AMSoM. In October 2015 he joined as Director General, Adani Institute for Education & Research (AIER), an umbrella body of two institutions namely, Adani Institute of Infrastructure Management (AIIM) and Adani Institute of Infrastructure Engineering (AIIE).

Last year he took early retirement to join family in the USA but he has returned to India again to serve CVM.

He did his B. Com. and M.com. from Gujarat University and Ph. D. in finance from Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat.

He has published five books including one in USA. He has also published self-instructional materials on Project Management, Entrepreneurship Managementand Project Management for Retail for more than thirty universities of India. He has several publications (research papers, articles, chapters in edited books, book reviews, cases etc.) to his credit in India and abroad.

He had been adjudged by students of Cleveland State University as a Best Teacher 2004, and the Best Teacher by the Ohio Magazine 2005.

Bhavesh Patel has been organizing annual international conferences in the USA since 2003 and also outside the USA since 2008 under the aegis of International Academy of Business and Economics (www.iabe.org) of which he is a cofounder and served it as a President as well as Vice President. He is also a reviewer of papers for many conferences and journals and a doctoral thesis examiner for Universities in India and abroad. He is associated with fourteen refereed journals published by IABE, USA, one published in UK and two journals of India. Of these journals he is a Managing Editor of two refereed journals.

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)

## જેને રામ રાખે, એને કોણ મારી શકે ....

જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે?
અવર નહિ દેખું રે, બીજો કોઇ પ્રભુ પખે...
ચાહે અમીરને ભીખ મગાવે, ને રંકને કરે રાય,
સ્થળને સ્થાનકે જળ ચલાવે, જળ સ્થાનક સ્થળ થાય;
તરણાનો તો મેરુ રે, મેરુનું તો તરણું કરે...
જેને રામ રાખે ...૦
નીંભાડામાંથી બળતાં રાખ્યાં, મંજારીનાં બાળ;
ટિટોડીનાં ઇંડાં ઉગાર્યાં, એવા છે રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ! તમે તેની તકે...
- જેને રામ રાખે...૦
બાણ તાણીને ઊભો પારધી, સિંચાણો કરે રે તકાવ;
પારધીને તો પગે ડસિયો, સિંચાણા શિર ઘાવ;
બાજ પડ્યો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે....
- જેને રામ રાખે...૦
ગજ-કાતરણી લઇને બેઠા, હરજી તો દીનદયાળ;
વધે-ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હકે...
- જેને રામ રાખે...૦

## જાગીએ રઘુનાથ કુંવર પંછી બન બોલે...

**તુલસીદાસ**

જાગિયે રઘુનાથ કુંવર, પંછી બન બોલે...
ચંદ્ર કિરણ શીતલ ભઇ, ચકવી પિયુ મિલન ગઇ,
ત્રિવિધમંદ ચલત પવન, પલ્લવ દ્રુમ ડોલે..
- જાગિયે રઘુનાથ કુંવર...૦
પાત ભાનુ ભયો, રજનીકો તિમિર ગયો,
ભૃંગ કરત ગુંજ ગાન, કમલ દલ ખોલે...
- જાગિયે રઘુનાથ કુંવર...૦
બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર-નર-મુનિ કરત ગાન,
જાગન કી બેર ભયી, નયન પલક ખોલે...
- જાગિયે રઘુનાથ કુંવર..૦
તુલસીદાસ અતિ આનંદ, નિરખી કે મુખારવિંદ,
દીનન કો દેત દાન, ભૂષણ બહુ મોલે..
- જાગિયે રઘુનાથ કુંવર...૦

## ગરવ કીયો સોઇ નર હાર્યો સિયારામજી સે

**કબીર**

ગરવ કિયો સોઇ નર હાર્યો,
સિયારામજી સે ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
ગરવ કિયો એક રત્નાકર સાગરે, રત્નાકર સાગરે
નીર એનો ખારો કરી ડાર્યો...
સિયારામજી સે ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
ગરવ કિયો એક વનની ચણોઠડીએ, વનની ચણોઠડીએ
મુખ એનો કારો કરી ડાર્યો...
સિયારામજી સે ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
ગરવ કિયો જબ ચકવાને ચકવીએ, ચકવાને ચકવીએ
રૈન વિયોગ કરી ડાર્યો... સિયારામજી સે
ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
ગરવ કિયો જબ અંજનીના જાયાએ, અંજનીના જાયાએ
પાંવ એનો ખોડો કરી ડાર્યો..
સિયારામજી સે ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
ગરવ કિયો જબ લંકાપતિ રાવણે, લંકાપતિ રાવણે
સોન કેરી લંક જલાયો..
સિયારામજી સે ગરવ કિયો સોઇ નર હાર્યો રે...
કહત કબીરા સુનો ભાઇ સાધુ સુન મેરે સાધુ રે...
શરણે આવ્યો વાં કો તાર્યો, સિયારામજી સે
ગરવ કિયો સોઇ નર હાર્યો રે...

## હરિને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે...

**ગેમલદાસ**

હરિને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ વાણી રે ...
-હરિને ભજતાં....૦
વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હરણાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે...
- હરિને ભજતાં...૦
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથો હાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે...
- હરિને ભજતાં...૦
વહાલે મીરાં તે બાઇનાં ઝેર હળાહળ પીધાં રે;
પાંચાલીનાં પૂર્યા ચીર, પાંડવનાં કામ કીધાં રે...
- હરિને ભજતાં...૦
આવો હરિ ભજવાનો લહાવ, ભજન કોઇ કરશે રે
કર જોડી કહે છે ગેમલદાસ, ભગતોનાં દુઃખ હરશે રે..
- હરિને ભજતાં...૦

## આનંદનાં ઝરણાં

**કાકા સાહેબ કાલેલકર**

જીવનનો આનંદ દરેક માણસને જુદાં જુદાં ક્ષેત્રમાં જડે છે. કોકને ખાવુંપીવું અને છોકરાંછૈયાં વચ્ચે રહેવું એમાં જ આનંદ હોય છે.વધારેમાં વધારે માણસોની એ જ સ્થિતિ હોય છે. રાષ્ટ્ર જો દુર્દૈવમાં ન સપડાયું હોય અથવા એને કોઇ અદમ્ય મહત્ત્વાકાંક્ષા ન વળગી હોય તો આ જ સ્થિતિ સ્વાભાવિક છે એમ માનવાને વાંધો નથી. સુખી અને નિશ્ચિત કૌટુમ્બિક જીવનમાં ધર્મના સંસ્કારો, જ્ઞાનની સહેજસાજ નિષ્ઠા વાળી સહેજે પ્રાપ્ત થયેલી સમાજસેવા એટલું ઉમેરીએ એટલે જીવન સંપૂર્ણ થયું. કરોડો લોકો માટે આથી વધારે ઉત્કટ જીવન હોતું નથી.

જીવનની સ્વાભાવિકતા કુદરત સાથેનો થોડો-ઘણો પરિચય સગાંવહાલાંને મળવાને કાજે અથવા યાત્રાઉત્સવને પ્રસંગે થોડીક મુસાફરી દ્વારા તો હોય જ છે. અને ધાર્મિક સંસ્કારોની વિધિઓ અને પૂજાઓ, વ્રતો અને ઉત્સવો વગેરે આવવાથી સ્થાવરપણાના દોષો નીકળી જાય છે.

પણ માણસ એટલાથી સંતુષ્ટ નથી થતો. સામાન્ય ભૂમિકા ઉપર રહી મળતી જીવની સર્વસાધારણ સંપૂર્ણતા એને આકર્ષતી નથી. એને એ અલૂણી લાગે છે. જીવનના કોઇ એક અથવા અનેક અંગનો સંકોચ કરીને પણ બીજી કોઇ એક દિશામાં માણસ ઉત્કટતાથી દોડવા માગે છે. કોઇ પ્રયોગવીર થાય છે, કોઇ જ્ઞાનવીર બને છે, કોઇ પ્રવાસવીર બની પરિપાટ્ થઇ જાય છે, કોઇ સંઘનો આગેવાન બની સામુદાયિક પરાક્રમ કરે છે, કોઇ અત્માની ખોજમાં ત્યાગવીર બને છે, કોઇ ગરુડ અને ચંડોળને પણ હરાવી કલ્પનાકાશમાં ઉત્તરોત્તર ઊંચાં ને ઊંચાં ઉડ્ડયનો સાધે છે. કોઇ રચનાકુશળ સ્થપતિ બને છે, તો કોઇ નગરસંસ્થાપક તરીકે અમર રહે છે. કેટલાકને તો રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપિતા થયા વગર રહેવાતું જ નથી. જ્યારે કેટલાક તો કોઇ પણ સંઘ કે રાષ્ટ્ર પ્રત્યે વિશેષ નિષ્ઠા કેળવ્યા વગર આખા મનુષ્યજીવનના નવા ખમીર જેવા બની જાય છે. કોઇ સત્યને શોધે છે તોકોઇ શિવની ઉપાસના કરે છે. કોઇ સામર્થ્ય ખીલવે છે તો કોઇ ભાવનાઓ કેળવે છે. દરેકનો આનંદ જુદો જ હોય છે.

આનંદ એ વસ્તુ જ એવી છે કે એનો અનુભવ લેવા માટે બીજાને નોતરવાથી તે બેવડાય છે. દુઃખોનો સંવિભાગ કરવાથી એની વેદના સહન કરવા જેટલી હળવી થાય છે અને સુખમાં કોઇનો ભાગ પાડવાથી તે બેવડાય છે, ઘણી વાર સાત્ત્વિક બને છે અને એમાંથી સુખથીયે નિરાળો એવો નવો જ આનંદ પ્રાપ્ત થાય છે. સૌને આવા આનંદના સંવિભાગી કેમ કરાવાય? દરેકનું જીવન અલગ અલગ સ્વતંત્ર વહેણમાં વહે છે. તમામ દુનિયાને કાંઇ આપણે આપણા જીવનના સાથી બનાવી શકવાના નથી. પણ કળા દ્વારા-સાહિત્ય, સંગીત, ચિત્ર, સ્થાપત્ય, રચના અને ઘટના દ્વારા આપણે અસંખ્ય લોકોને આપણા આનંદની ઝાંખી કરાવી શકીએ છીએ અને વિશિષ્ટ જાતની શક્તિ કેળવેલી હોય તો અસંખ્ય લોકોને જ્યાં આનંદપ્રતીતિ થતી નહોતી ત્યાં આનંદ ગ્રહણ કરવાની શક્તિ અથવા ક્ષમતા આપી શકીએ છીએ. એને જ કલાદૃષ્ટિ કહે છે.

કળાની અનુભૂતિ જેને થઇ છે તે એકલપેટો રહી શકતો જ નથી. એને બીજો કોઇ ન મળે તોયે એ પોતાનો આનંદ પોતા માટે જ એક યા બીજી રીતે નોંધી રાખવાનો. એકાન્તમાં રહી ધ્યાનમગ્ન થનાર ઋષિઓ પણ તત્ત્વપ્રાપ્તિના આનંદમાં ગાઇ ઊઠે છે. કેટલાક ઝાડની છાલ પર, હાડકાનાં ફલક પર કે પથરાની પીઠ પર પોતાનો આનંદ કોતરી નાખે છે. આનંદની આ સર્જકતા અદમ્ય હોય છે અને એ સર્જન દ્વારા નવા આનંદની જે સેરો છુટે છે તો વળી જુદી જ .

(સાભારઃ જીવનનો આનંદમાંથી, ટૂંકાવીને)

॥ નવાં કાવ્યો ॥

## ગઝલ

**સાહિલ**

હતાં ત્યાં જ છીએ તોયે નિરંતર સફરમાં છીએ
ન સ્વયંને જાણીએ પણ બધાંયે ખબરમાં છીએ.
અમે જ્યારથી તમારી-ભીની પાંપણોમાં પેઠા,
એ ઘડીથી લોકને મન અમે માનસરમાં છીએ.
નથી જાણકારી અમને લીલાપા વિષે લગારે
અમો તો જનમ ધર્યાથી પીળી પાનખરમાં છીએ.
પછી મેળ આપણો જો મળે તો મળે શી રીતે,
તમે પાર મંઝિલોની-અમે રહગુજરમાં છીએ.
હજી એ જ છે વિસામણ હજી એ જ છે મથામણ,
નથી આ અમારું ઘર તો અમે કોના ઘરમાં છીએ.
મળ્યાં હોત રૂબરૂ તો થયાં હોત હાલ કેવાં
મળ્યાં ના કદાપિ તોયે તમારી અલરમાં છીએ.
જીવ્યાં બંદગીમાં જેની એ શબદના લીધે 'સાહિલ'
સમાયા છીએ કબરમાં છતાં ક્યાં કબરમાં છીએ.

(નીસા--૧૫, દયાનંદ નગર, રાજકોટ-૩૬૦૦૦૨,
મોઃ ૯૪૨૮૭૯૦૦૬૯)

## રાજ!

**જિતેન્દ્ર પ્રજાપતિ**

રાજ! જાઓ ના દૂર
આંખોમાં ઘૂઘવે છે શમણાનો દરિયો ને છાતીમાં ઈચ્છાના પૂર.
આયખામાં લીલપની છોળો છૂટી છે રાજ,
જ્યારથી પહેરાવી તમે વીંટી,
ભૂલાયા સાન ભાન, જોઉં છું વાટ
પિયુ ક્યારે ચોળાવો છો પીઠી?
અણદીઠા મારગને જોવો છે આજ
મારા પગમાં બાંધી દો નૂપૂર. રાજ!
કમખામાં ટાંકેલા મોરલાઓ ગહેકે છે
આજ મારી કાયામાં ચોમાસું બેઠું,
હરણીની જેમ મન ફફડે છે
સ્હેજ જરા અંદર જ્યાં એને સમેટું.
સુક્કા કોઈ તરણાની જેમ મારી કાયાનું અટવાશે નૂર.

(મુ.પો.: બગદાણા, વાયા- ઠળિયા, જિ. ભાવનગર,
પિન- ૩૬૪૧૪૫, મોઃ ૯૬૨૪૬૫૭૩૫૪)

## સહારો હોય છે

**પટેલ ધ્રુવિનકુમાર રમણભાઈ**

ડૂબવા માટે કિનારો હોય છે.
રોજ સૂરજ તું બિચારો હોય છે.
આંખમાંથી છેતરીને લાવશે,
'આંસુ' તારો પણ ઈશારો હોય છે.
ફૂલને જોયા પછી ભમરો કહે;
તું જ ખીલે તો બહારો હોય છે.
એક ભીની હૂંફને ખાતર ખુદા!
જીવ ધરતી પર અમારો હોય છે.
ટેવ 'આદત'ની કદી છૂટે નહીં!
એ ખભા જેવો સહારો હોય છે.

(ઠે. ૨૦૩૫, યોગેશ્વરનગર સોસાયટી, ગુ.હા. બોર્ડ, કનકપુર,
કનસાડ, સચીન (સુરત), તા. ચોર્યાસી, જિ. સુરત,
પી.૩૯૪૨૩૦ મો-૯૪૨૯૮૫૧૦૦)

## ખીણ

**મધુકાન્ત જોષી**

૧.
આ ખીણ પણ
કેટલી ઊંડી છેઃ
જાણે
સામેના પહાડના
પ્રેમમાં પડી છે!
૨.
જિંદગીની આ ખીણમાં
હું એક દિવસ
પ્રેમની કેડી શોધવા ગયો...
તો
હું જ
ખીણ થઈ ગયો..
૩.
તમને
ક્યારેય
કોઈક ખીણ વિશેની વારતા
સાંભળવાની ઈચ્છા થાય
તો,
મધુકાન્તને મળજો.
જો પેલા સામેના પહાડને
ટેકો દઈને બેઠો!

(મેનેજિંગ ટમટમકિડ્સ (બાળમાસિક) ૫૬, ગંગોત્રી પાર્ક,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫ ફોન-૦૨૮૧-૨૫૮૧૬૦,
મોઃ ૯૯૮૫૪૪૯૨૭)

॥ સમીક્ષા ॥

## આજે દરેક ઘર ઝંખે છે- અજવાળી બા

**મહેન્દ્ર નાઈ**

'અમે સહુ સાથે રહીશું', 'ઘર એ જ સ્વર્ગ', 'પરિવાર ભાવના', 'પરિવાર કાવ્યો', 'લવ યુ મમ્મી', 'લવ યુ પપ્પા', 'થેંક્યુ પપ્પા', 'થેંક્યુ મમ્મી', 'દીકરી વ્હાલનો દરિયો', 'તુલસી ક્યારાના દીવા', 'મંગલ ભવન અમંગલહારી', 'માની બોલી સૌથી વ્હાલી', 'મારી મમ્મી-મારા પપ્પા', 'મારી બાની ઈચ્છા', 'પિતા-પપ્પા ડેડી' , 'પહેલો અક્ષર', 'મા એ મા', સુખી જીવનની ચાવી'', 'દુલારુ દામ્પત્ય', 'મેરેજ રોક્સ', 'રામાયણનું ચિંતન', 'મહાભારતનું ચિંતન', 'સંસાર રામાયણ', જેવા કેટલાક પુસ્તકોમાંથી હું પસાર થયો છું, મોટા ભાગનાં પુસ્તકો મા પરિવાર 'ટીપ્સ' વધારે છે, જો કે આ બધાં પુસ્તકોમાં રહેલું 'ડહાપણ' કોઈપણ વાચકને પરિવાર અભિમુખ તો કરે જ છે, પ...ણ આટલી બધી ચિંતા-ચિંતન આ સમયમાં કેમ? આજે પરિવારો તૂટતા જાય છે, કૂટતા જાય છે, કુટુંબવ્યવસ્થા વેરણ-છેરણ બનતી જાય છે, ત્યારે કુટુમ્બ ભાવનાની મહત્તા સમજાય છે. વર્તમાન સમયમાં જેટલો સમય ટી.વી. અને મોબાઈલને અપાય છે તેટલો સમય પરિવારને આપીએ છીએ? એક જ ઘરમાં રહેતા પાંચ માણસ વચ્ચે માઈલો સુધીનું અં....ત...ર... થઇ ગયું છે. પતિને પત્ની માટે, પત્નીને પતિ માટે, મમ્મી-પપ્પાને સંતાનો માટે કે દાદા-દાદી માટે હવે સમય રહ્યો નથી તેનું પરિણામ તેજ ગતિથી વૃદ્ધાશ્રમો ઊભરાઇ રહ્યાં છે. સંયુક્ત પરિવારો તૂટતા જાય છે. વૃદ્ધાશ્રમો વધતાં જાય છે, ભૂલકાંઓ માટે 'ડે-કેર' જેવી સંસ્થાઓ પણ ઘણી બધી! ભૌતિક સુવિધાઓથી લદોલદ પરિવારોનાં બાળકો જાણે-અજાણે પારિવારિક ભાવનાનાં દુષ્કાળમાં મોટાં (કે નાનાં?) થતાં જાય છે. આપણી કુટુમ્બ ભાવનાથી આપણી સંસ્કૃતિ ઓળખાતી હતી એની ચિંતા-ચિંતન થવું આજે જરૂરી લાગે છે.

એક સમય હતો કે બા અભણ હોય, બાપુજી થોડું ભણેલા હોય છતાંય નાના-મોટા ઝઘડાઓ-એકબીજાની ઊણપોને સહન કરીને સિલ્વર જ્યુબિલી કે ગોલ્ડન જ્યુબિલી થઇ જતા આપણે જોયા છે. આજે લગ્ન-સગાઇનો પ્રશ્ન આવે ત્યારે 'શિક્ષણ' કેન્દ્રસ્થાને (હોવું જરૂરી પણ છે જ.) કેટલું ભણેલા છે- બંને આટલું ભણેલા હોય-રંગેચંગે જોડાય-અઢળક ખર્ચ થાય. પણ ઘણી વખત પરિણામ એ આવે છે કે 'છૂટાછેડા'ની સંખ્યા વધતી જાય છે. બિલકુલ 'અભણ' છતાં એકબીજાને 'ટકાવી' રાખવાની સમજણ અને વધુ ભણેલા છતાંય એકબીજાને 'સમજવા' બંનેમાંથી એકેય તૈયાર નહીં. ક્યાંક સોનું પણ મળી જાય તો, ક્યાંક પિત્તળ પણ. આ સમયમાં મને મિત્ર ભરત ઠાકોરની 'ઘર લાઈબ્રેરી'માંથી ''નાનાભાઈનાં ધર્મ પત્ની-અજવાળી બા'' (લે. ભરત ના. ભટ્ટ) મળે છે. હું એક જ બેઠકમાં વાંચી ગયો- મને તો આ ચરિત્ર વાંચીને ઘણું ઘણું સમજાયું પણ ખરું. અજવાળી બાનાં ચરિત્રથી થોડું અજવાળું વાચકના જીવનમાં થાય તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી. સાંપ્રત સમયને આજે ગુણસુંદરી કે અજવાળી બા જેવા પાત્રોની ખાસ્સી જરૂર છે. થૂંક ભાષાનો પ્રભાવ વધતો જાય છે, ત્યારે હૃદય ભાષા આવા પ્રકારનાં ચરિત્રોમાંથી હાથ લાગે-હોઠ પર લાગે તેની તાતી જરૂરિયાત છે. લેખક ભરત ભટ્ટે અહીં આ યત્ન પરિવારોને ઉપયોગી થાય તે રીતે કર્યો છે તેમણે આ ચરિત્રનું લેખન-સ્મૃતિથી, વ્યક્ત સ્મરણોથી, હાથવગી માહિતીથી આલેખવાનો સારો યત્ન કર્યો છે.

આ પુસ્તકમાં કુલ પાંચ ખંડ અને પરિશિષ્ટો થઈને કુલ ૧૪૬ પૃષ્ઠમાં લખાયેલ છે. બાનો જન્મ, પરિવાર, ભણતર, દામ્પત્યજીવન, માતૃત્વ, સ્વભાવ, પુત્ર, પત્ની, માતા, બહેન, સંઘર્ષ, સંસ્થાઓમાં જવાબદારી, આઘાત-પ્રત્યાઘાત, આચારચુસ્તતા, ધાર્મિકતા, સંસ્કારસિંચન, માતૃહૃદય, આતિથ્ય, બાની ભાષા, વૈધવ્ય, મર્યાદાઓ, વિશેષતાઓ વગેરે વિશે ભરત ભટ્ટે હૃદયસ્પર્શી વાતો કરી છે, અંતે પરિશિષ્ટો બાના અવસાન પછીના આશ્વાસનપત્રો પણ 'બા' વિશે ઘણું-ઘણું સૂચવી જાય છે, નાનાભાઈના જીવનની તવારીખો, 'અજવાળી બા' વિશેના કેટલાક પ્રતિભાવો, અજવાળી બાનાં પૂર્વજો-અનુજો (વંશાવળી) મળે છે. જે નાનાભાઈ ભટ્ટ અને અજવાળી 'બા'ના સમગ્ર પરિવારથી વાચકને સરસ રીતે વાકેફ કરે છે.

નાનાભાઈનાં ધર્મપત્ની, 'અજવાળી બા' વિશે વાંચીએ તે પહેલાં સ્ત્રી, સ્ત્રી સન્માન, પ્રસન્ન દામ્પત્ય જીવનના મોટેરા મહિમાને આલેખતા અવતરણ પણ વાચકને વિચારતા કરે તેવા છે જુઓ-

'અમે બધા બહારની દુનિયામાં મોટા ગણાઈએ છીએ, આદર પામીએ છીએ તેની પાછળ અમારી ગૃહિણીઓનું મૂંગું પીઠબળ હોય છે. એ અમારી કરોડ છે. ધ્વજ ફરકે ત્યારે કાઠી ઢંકાઈને ન દેખાઈને તેને ઊંચો લહેરાતો રાખે છે તેમ!' - નાનાભાઈ ભટ્ટ

'ઘરની સ્ત્રીઓ સાથેના વર્તાવ વિશે તેમના (નાનાભાઇનાં) નિયમો સાફ-સાફ સૌને સમજવા જેવા, ઘરની સ્ત્રીઓ આપણાં કરતાં ઊતરતી નથી, હા, તે જુદા પ્રકારનું કામ કરે છે, પણ તે ચડિયાતું કામ છે'

- મનુભાઇ પંચાળી

નાનાભાઇ ભટ્ટ અને બા વચ્ચેનું અંતર તો ખરું જ, ઉપરાંત અભ્યાસ, કાર્યપદ્ધતિ, કાર્યક્ષેત્ર, રસરુચિ વગેરેનું મોટું અં...ત...ર... હતું. નાનાભાઇ મુંબઇમાં એમ.એ. થયેલા. ટેનિસન, હોમર, કાલિદાસ, ભવભૂતિ વાંચે જ્યારે બા ચાર ચોપડી ભણેલા, રસોડું સંભાળે. નાનાભાઇ જીવંત-ક્રાન્તિકારી-પ્રેમાળ, લગ્ન અંગે પરંપરાવાદી પણ સુધારાવાદી પણ ખરા જ્યારે બા ખૂબ મરજાદી ને પરંપરાને રૂઢ પણે વળગી રહેનારા. છતાંય આ અં...ત...ર એક સેવા-સેતુમાં રૂપાંતરિત થઇ ગયું. દામ્પત્યની મોટો મોટી વાતોને પણ અહીં ઉત્તર ન મળે એવું છે, તેનું કારણ એ જ કે અજવાળી બાના પરિવારમાંથી માટીમાંથી મળેલા સંસ્કારો સાથે-સાથે નાનાભાઇની વત્સલ એવી સ્ત્રી-સન્માન સ્ત્રી-સમાનતાની ભાવના જ તેના મૂળમાં રહેલી છે. નાનાભાઇનાં ત્રીજા પત્ની એવા અજવાળી બા તેમના કરતાં બરાબર ૧૯ વર્ષ ૧૩ દિવસ નાના હતા. નાનાભાઇનો જન્મ ૧૧ નવે. ૧૮૮૨ના રોજ. અજવાળી બાનો જન્મ ૨૪ નવે. ૧૯૦૧ના રોજ પચ્છે ગામમાં. હા. બંનેનો નવેમ્બર મહિનાનો અને વિક્રમ સંવતનો સંયોગ ખરો. આ પચ્છે ગામ વલ્લભીપુરથી માત્ર ૭ કિલોમીટર દૂર. પોતાના સસરા વિશે નાનાભાઇએ લખ્યું છે 'જગજીવનદાસ વિદ્વાન હતા. સારા વૈદ્ય હતા. આચારમાં ઘણા ચુસ્ત હતા.' (પૃ. ૬) અજવાળી બાના પિયરની જેમ તેમનું મોસાળ પણ આચારચુસ્ત હતું. ભાવનગરના પ્રશ્નારોમાં 'કલ્યાણ ભટ્ટની ખડકી' (ક ભ ની ખ) જાણીતી થયેલી તે આ કલ્યાણજીના સગા લઘુબંધુ તે છોટા ભટ્ટ. આ છોટા ભટ્ટ તે કાલિદાસના પિતા ને નાનાભાઇના દાદા થાય. આમ, નાનાભાઇના દાદા અને અજવાળી બાના નાનાના દાદા તે બંને સગા ભાઇઓ. અજવાળી બાના પિતા જગજીવનદાસ ક. ભટ્ટને ભાવનગરનાં નરેશે પછી ભાવનગર બોલાવી લીધા ત્યાં તેમને રાજયનું 'એ' વર્ગનું આયુર્વેદિક દવાખાનું સોંપેલું. અજવાળી બા વગેરે થઇને કુલ છ ભાંડુ હતા. એ રીતે મોટા હોવાને નાતે તેમનું બાળપણ ભાંડુઓને સાચવવામાં, ઘરકામમાં, વૈદ્ય પિતાના દવાનાં પડીકા વાળવામાં, વીત્યો હતો. તેઓ ભાવનગરની કન્યાશાળામાં ભણ્યા પરંતુ શાળાનો વિશેષ સમય શિક્ષકોનાં ઘરકામ કરી આપવામાં વીતેલો. તેઓ ચોથા ધોરણમાં ભણતા હતા ત્યારે એક શિક્ષિકાના ઘેર રસોઇ કરવા ગયેલા ત્યાં શિક્ષિકાના ભાઇ કે પુત્રએ મધપૂડાને છંછેડ્યો. જે મધમાખીઓ કરડેલી પછી કહેલું કે 'કાકા, આજે આવું બન્યું હવે મારે ભણવું જ નથી.' (પૃ.૭) પિતાએ આ વાત ઉપર મહોર મારી અને અજવાળી બાનું ભણતર કાયમ માટે પૂરું થયું હતું. ચોથું ભણેલા અજવાળી બા સહી કરી શકતા, હિસાબ માંડી શકતા, પરંતુ બીજી બાજુ બાની વાંચવા-સમજવાની શક્તિ સારી હતી. સમય મળે ત્યારે તેઓ સારું વાંચવા-વિચારવા સમજણ પડે તેવું થોડું-થોડું વાંચતા હતા. અભ્યાસ સમાપ્ત થઇ જવાથી માતા-પિતાએ સંસ્કાર સિંચન, મહેમાનોની સરભરા, પૂજાનાં વાસણો ઊટકવા, દવાખાનામાં મદદ કરતા હતા. જેથી તેમનામાં બુદ્ધિ, શક્તિ, સંસ્કારિતા, કોઠાસૂઝ, વ્યવહારૂ કુશળતા ખૂબ જ સારી રીતે વિકસી હતી. જો કે સ્ત્રી-પત્ની પણ માણસ જ છે તે બીમાર પડે તો તેની સારવાર થવી જોઇએ. બીમાર પત્નીનું કામ તેના પતિએ કરવું જોઇએ આવા વલણથી નાનાભાઇએ દામ્પત્યને નવીતના-આધુનિકતા આપવાનો યત્ન પોતાના દામ્પત્ય જીવનમાં કર્યો હતો. દામ્પત્ય અને ગૃહસ્થ જીવનની સમજદારી પણ ઊંચી હતી. મનુભાઇ પંચોળી સાથેની વાતચીતમાં કહેલું કે 'હું બાબુની બાને પરણ્યો છું કે છાત્રાલયને? મારું સંસ્થાનું કામ બાબુની બાનું શોક્ય બની જાય તે કેમ ચાલે? (પૃ.) (મનુભાઇ નાનાભાઇને છેક ૧૯૩૪માં પહેલીવાર મળેલા). અજવાળી બાના સગપણથી આરંભી આજન્મ નસીબદાર ગણાયેલા, પરંતુ સાથે એ વાત પણ એટલી જ સાચી જાણવી જોઇએ કે અજવાળી બાને પરણ્યાં પછી નાનાભાઇના સુભાગ્યે હરણફાળ ભરી હતી. નસીબદારને કસોટી નથી આવતી એવું નથી જ નથી, બલકે મુશ્કેલીઓ તો સદ્‌નસીબની સહચરી છે, જે પડકારો વખતે, મુશ્કેલીના સમયે વ્યક્તિને સાથ આપે, પાર ઉતારે, વ્યક્તિનું આંતર તેજ વધારવાનું કામ કરે છે. નાનાભાઇ અજવાળી બાના લગભગ અડધી સદીના (૪૭ વર્ષના) સહજીવનની આ જ તો ફલશ્રુતિ કહી શકાય.'

એક અજાણ્યા સ્વરૂપના તેમજ અજાણ્યા માણસોના 'સંયુક્ત કુટુંબ'માં અજવાળી બાનો પ્રવેશ થાય છે. કહી શકાય કે અહીં બે ગાંઠ ઉપર ત્રીજી ગાંઠ બંધાઇ

હતી, પરંતુ નાનાભાઇ, સંસ્થા, અજવાળી બા એ ત્રણેયનોએક ઉપકારક ત્રિકોણ બને છે. કેટલીક વખત કોઇનું વ્યક્તિત્વ એવું હોય કે જેના કેવળ અનુગામી બનવામાં પણ જીવતરની કૃતકૃત્યતા અનુભવાય- અનુગામી પદ શોભાવતાં આવડવું જોઇએ. અહીં અજવાળી બાએ એ ભૂમિકા દીપાવી અનુગામી પદ શોભાવ્યું હતું.

નાનાભાઇનો સમય સંયુક્ત પરિવારનો સમય હતો, તે સમયે દામ્પત્ય જીવનમાં પુરુષોનો નિર્ણય આખરી હતો. સબળ કે નજીવા કારણસર પણ સ્ત્રી નહિ, પુરુષ જ છૂટાછેડા લેવાનો વિચાર કરતો. એ સમયે દરેક યુવતીનો અવાજ હતો કે 'તમે' આપણી સગાઇ ન તોડોને! હું તમે, તમારું કુટુંબ કહેશે તેમ રહીશ- ગોઠવાઇશ (પૃ.) જેમાં પુરુષોનું પ્રભુત્વ-પ્રાધાન્ય અને સ્ત્રીઓની લાચારી પ્રતિબિંબિત થતી જોઇ શકાય છે. તે સમયે નાનાભાઇ મહિલાઓને કહેતા- 'માણસ મા, બાપ, ભાઇ કે બહેન બદલવાનો વિચાર કરે છે- ખરો? તે સૌ સાથે જેમ કુટુંબમાં ગોઠવાઇને રહે છે તેમ શું પત્ની સાથે ગોઠવાઇને ન રહી શકે? માણસ સમાજમાં કે શેઠ સાથે ગોઠવાઇ શકે અને ઘેર પત્ની સાથે જ શું કામ ન ગોઠવાઇ શકે?' (પૃ.૨૦) નાનાભાઇનું સદ્ભાગ્ય એ કે આ આદર્શને ચરિતાર્થ કરવામાં તેમને અજવાળી બાનો સારો સાથ મળ્યો. બાની ખુશનસીબી એ કે તેમને આવા પુરુષોમાં સહાયક બનવાનો અવસર મળ્યો હતો. તેથી જ તો કહી શકાય કે પતિ-ઘર પરિવારમાં પૂરા સમયે ભાવથી ગોઠવાઇ જવાની મનોવૃત્તિ, સંસ્થા કે સંસ્થાને લગતી કોઇ બાબતમાં નહીં પડવાનો વિવેક, ઘરની બહાર પોતાનાં સગાં સાથે પણ સંસ્થાની કોઇ વાત નહીં ઉચ્ચારવાની. આવો વિવેકપૂર્વકનો સંયમ અજવાળી બાએ આજન્મ નિભાવેલો. અજવાળી બા ઇ.સ. ૧૯૧૪માં પરણીને આવ્યા-તેમના આગમન પછીના પાંચ સાત વર્ષ દરમિયાનનાં બેચાર બનાવો પણ આ ચરિત્રની વધુ નજીક લઇ જાય છે.

દક્ષિણામૂર્તિ સંસ્થા ધર્મશાળા છોડીને ભાડાના મકાનમાં ગઇ તે વખતે કેટલાંક કારણોસર સંસ્થાનો ખર્ચ વધ્યો ને સંસ્થા આર્થિક સંડામણમાં આવી - સંસ્થાની આ મુશ્કેલી નાનાભાઇનાં પોતાના ઘરની આર્થિક અવદશાનું કારણ પણ બને છે, એ જ સમયે વડોદરાથી મહારાજાનું આમંત્રણ મળે છે. નોકરી અંગેના આવા સંજોગોમાં નાનાભાઇ પોતાની પત્નીને પૂછે છે તને શું લાગે છે?હું સંસ્થા છોડી નોકરી સ્વીકારું તે તને ગમશે ને? જવાબમાં અજવાળી બા સહજતાથી કહે છે. આપણાથી દક્ષિણામૂર્તિ સંસ્થા કેમ છોડાય? દક્ષિણામૂર્તિ સંસ્થા તો કેમ છોડાય? (પૃ.૨૧) આ પછીના થોડા સમયમાં જ ભાવનગર રાજયે પણ નાનાભાઇએ કેળવણી ખાતામાં સારા પદની ઓફર કરી સાથે પ્રલોભનો પણ, ત્યારે ફરી નાનાભાઇએ પત્નીને પૂછ્યું હતું. અજવાળી બાનો ટૂંકો જવાબ હતો- આપણી દક્ષિણામૂર્તિને ન છોડાય! (પૃ.૨૧) કોઇપણ કન્યા તથા તેનો પરિવાર તેના જીવનસાથીની પસંદગી માટેના પાયાનાં ધોરણોમાં આર્થિક સ્થિતિ તથા કમાવવાની ત્રેવડને જ અગ્રતા આપે. અને આવા સંજોગોમાં નાનાભાઇ પાસે કોઇપણ સ્ત્રી આર્થિક સદ્ધરતાની જ અપેક્ષા રાખે. અહીં જો અન્ય કોઇ સ્ત્રી હોત તો તેના પિયરિયા દ્વારા ઝઘડો, કંકાસ, ચડવણી થકી પણ સારી નોકરી લઇ લેવાનો આગ્રહ થયો હોત પણ અજવાળી બાએ સહજતા-કુશળતાથી આ બધી સંભાવનાઓને ઓગળી દીધી હતી. પરંતુ અજવાળી બાએ પોતાની સંસ્કારદૃષ્ટિથી સમજાયેલો પત્નીધર્મ તેમણે પારખ્યો ને બજાવ્યો. અજવાળી બા તો નાનાં હતાં, રૂપાળાં હતાં. તેમને શોભતું બધું પહેરવા- ઓઢવાના કોડ ન હોય? પણ બા બહુ ભણ્યાં નહોતાં, મહત્ત્વકાંક્ષા-શોખ નહોતા. આ બધી બાબતો અહીં સાચે જ વિધાયક બનતી જોઇ શકાય છે. જેમ નાનાભાઇને મન જીવનધર્મ પહેલો ને લક્ષ્મી પછી હતી તેવું અજવાળી બાના સ્વભાવમાં પણ દેખાય છે, તેમને પણ પત્નીધર્મ પહેલો છે ને હક્ક-સગવડ પછી. બંને સામાન્ય માણસથી નોખી માટીના, પરંતુ આમ જોવા જઇએ તો એક માટીના હતા. નાનાભાઇ એવું માનતા કે સ્ત્રીપુરુષ એક બીજાનાં પૂરક છે. તેથી તેઓ સંવાદ-સહમતીનો સેતુ બનતા. નાનાભાઇ જ્યારે ઘેર હોય (બહાર ગામ ન ગયા હોય) ત્યારે રોજ રાત્રે એકાદ કલાક પત્ની તથા પરિવાર સાથે બેસે. વ્યવહારની જેમ જ બીજી અનેક વાતો કરે. બંનેને સ્પર્શતા કોઇપણ પ્રશ્ન કે મુદ્દા અંગે અજવાળી બા સાથેનું તેમનું 'કાઉન્સેલિંગ' સતત થતું રહેતું. પતિના આવા સાંનિધ્ય સામે ભૌતિક જાહોજલાલીની શી વિસાત હોય? પરિણામે ઘોર અંધારામાં એક દીવો સ્પષ્ટ દેખાય તેમ અજવાળી બામાં એક બાબત એકદમ સ્પષ્ટ હતી તે પોતાના પતિનું આયુષ્ય, સાફલ્ય, સાંનિધ્ય એજ એમને મન કુબેરનાં ભંડારો હતા.

ગાંધીજીના પરિચય પછી સંસ્થામાં હરિજન પ્રવેશ તેમજ હરિજન સ્પર્શને ધર્મ માન્યો. બીજી બાજુ અજવાળી બાનો ઉછેર, તેમના સંસ્કાર, તેમનો વ્યવહાર એ સર્વમાં

અસ્પૃશ્યતાનું અચળ સ્થાન-તેથી આ મુદ્દો પણ બા સામે આવે છે. એક દિવસ સાંજના નાનાભાઇ ભાવનગરનાં હરિજનવાસમાં ગયા ને લગભગ રાત પડતા ઘેર આવ્યા. અજવાળી બાએ સહજ કહ્યું' તમે હરિજનોને અડીને આવ્યા છો, તો તમે જરા નાહી લ્યો, હું પાણી ગરમ કરી આપું? (પૃ.૨૫) તેમણે પાણી ગરમ કરવાની તૈયારી કરી પણ નાનાભાઇએ મક્કમતાથી કહ્યું (બાબુની બા, મારે અત્યારે સ્નાન નથી કરવું, મને એક કોથળો આપજે બહારનાં ઓટલે જ હું તો સૂઇ રહીશ. આ સાંભળી બા રડી પડેલાં. એમાં સ્વભાવગત વિરોધ છતાં પણ એકમેકનું જીવન કેવું હતું તે અહીં અનુભવાય છે. તેમના દામ્પત્ય દરમિયાન પત્નીધર્મને તેઓ સનાતન ધર્મની આગળ મૂકતા. આવી આભડછેડ યોગ્ય નથી તેવું ધીરે ધીરે નાનાભાઇની વાતથી તેઓ સમજતા થયેલાં. ઘડતર અને પ્રેમ વચ્ચેની સમતુલા કેમ જાળવવી, ક્યારે હૂંફ આપવી ને ક્યારે ટાંકણું લેવું આ બાબતો નાનાભાઇ સંભાળતા અને ઘડતા પણ હતા.

અજવાળી બાના વિવિધ રૂપોમાં માતા-પુત્રી-મોટીબહેન, પૂત્રવધૂ વગેરે પણ અહીં સરસ રીતે આલેખાયા છે. અજવાળી બાએ સંતાનરૂપે સૌ પ્રથમ પુત્ર બાબુને જન્મ આપ્યો હતો, તેથી નાનાભાઇ અજવાળી બાને 'બાબુની બા'એવું ગૌરવભર્યું સંબોધન કરતા હતા. તેથી મનુભાઇ પંચોળીએ નાનાભાઇએ જૂનવાણી કહ્યા ત્યારે નાનાભાઇએ જવાબ આપેલો તમે મને જૂનવાણી કહી શકો. બાકી હું તેને નામથી નથી બોલાવતો પણ બાબુની બા કહું છું તે હું જૂનવાણી છું માટે નહીં, એ જે ધીરજથી અમારા સંતાનોને ઉછેરે છે, સાચવે છે તેમાં મને તેના માતૃત્વનો મહિમા દેખાય છે. હું બાબુની બા કહીને માતૃત્વનું ગૌરવ કરું છું. તેઓએ એક સ્થળે એવું કહેલું છે કે પરિશ્રમમાં સ્ત્રીનું પત્ની તરીકે જ મહત્ત્વ છે. આપણે ત્યાં 'માતા' તરીકે મહત્ત્વ છે. નાનાભાઇના પત્ની હોવાને નાતે બા બંને (ભરતભાઇના) મામીને ચંદ્રા, વસુ, એમ કહે પરંતુ સાથે માનવાચક પ્રયોગ 'તમે' કહીને બોલાવતા. એટલું જ નહિ બાની સ્વસ્થતા ગજબની. તેઓ પોતાના કામમાં બહુ ચોક્કસ તથા ઘરની વ્યવસ્થા-સ્વચ્છતા બાબતે પૂરાં આગ્રહી આમ છતાં તેમના કામમાં અધિરાઇ નહીં. ઉતાવળથી તેમનાથી કામ ભૂલી જવાનું કે કામ બગડવાનું બહું ઓછું બને. બાની ઊંઘ ઘણી ઓછી. નાનાભાઇ રાત્રે ૧૨-૧ વાગ્યા સુધી લખે તો બા પણ બારેક વાગ્યા સુધી કાંઇક કર્યા કરતાં હોય. પાછા બંને સવારે પાંચ વાગ્યે પ્રાર્થના કરતા હોય ત્યારે એવા લાગે જાણે સૂતા જ નથી! અજવાળી બા તો એમને કહેતા'આહારને ઊંઘ વધાર્યા વધે ને ઘટાડ્યાં ઘટે.' કર્મઠતાની બાબતમાં નાનાભાઇ અને બાને 'મેઇડ ફોર ઇચ અધર' જરૂર કહી શકાય. બંને પક્ષનાં પરિવારો પ્રત્યેની નાનાભાઇ-બા ઉભયની સંયુક્ત ઊંડી જવાબદારી ને વફાદારી. તેમાં નીતિ નાનાભાઇની અને અમલ અજવાળી બાનો, અજવાળી બા પણ એવાં જ લાગણીવાળા, કુટુંબ ભાવનાવાળા, સંસ્કારી તેમજ પતિપરાયણ હતા કે તેમણે આ સર્વ કર્તવ્યોમાં નાનાભાઇને અનુસરવામાં કોઇ આયાસ ન કરવો પડ્યો અને છતાં આ સર્વ અંગેનો લેશ અહંભાવ અજવાળી બામાં કદી ન આવ્યો. ન કદી આવી શકત. તેનું કારણ એ હોય કે બા જેટલા સ્નેહાળ હતા એટલા જ જીવનની વાસ્તવિકતાને સ્વીકારી, અંતરતલે ધરબી કર્તવ્ય તરફ વળનારાં હતાં. અજવાળી બાની આંતરશક્તિ તથા સ્વસ્થતાના દર્શન ત્યારે થાય છે, બે પુત્રને આપેલી વિદાય તેમણે જીરવી-પતિની જિંદગીનો, આર્થિક મુશ્કેલીનો પ્રશ્ન પણ સામે આવ્યો ત્યારે આ સ્થિતિ તેમને ચળાવી શકી નહીં. નાનાભાઇની બીમારીને કારણે વધી ગયેલો ખર્ચ-પગાર બંધ એ સ્થિતિમાં મિત્રો મદદ કરવા આવ્યા ત્યારે નાનાભાઇ બોલે તે પહેલાં જ અજવાળી બાએ કહ્યું 'તમારી લાગણી સાચી છે પરંતુ મારાં ઘરેણાં હજી પડ્યાં છે.' તે પડ્યાં હોય ત્યાં સુધી હું તમારા પૈસા લઉ તેનો અર્થ એવો થાય કે 'એમના' કરતા મને મારાં ઘરેણાં વધારે વહાલાં છે. જરૂર નથી. જરૂર પડશે ત્યારે તમારી મદદ લઇશું. કેટલું બધું ચોખ્ખું અને દૂરનું બા જોઇ શકે છે. બતાવી શકે છે. કોઇપણ પરિણીતા સ્ત્રી માટે આભૂષણો એ સૌભાગ્યની નિશાની અવશ્ય છે. પરંતુ તે પતિનો-દંપતીનો સંયુક્ત ગૌરવનો વિકલ્પ ન હોય. લગભગ અભણ એવા બા ને આવા સંસ્કાર ચિત્તમાં ઓતપ્રોત હતા. અહીં બાની સંસ્કારિતા, પરિપક્વતા, સમયસૂચકતાના પણ દર્શન થાય છે.

નાનાભાઇની માફક બા પણ નોખી માટીના હશે. જેમ શિક્ષણધર્મ સંદર્ભે નાનાભાઇ યોજનાબદ્ધ પાગલ હતા, તેમ અનેક ઘરની જવાબદારી અંગે બાનું કામ હતું. જેમ શરૂઆતમાં બંને વચ્ચે અંતર વધુ હતું, તેમ ધીમે ધીમે બંનેનું અંતર (હૃદય) એક થતું ગયું હતું. તેથી કહી શકાય કે અજવાળી બા પણ નાનાભાઇની ગૃહસ્થીના સહ પાઇલોટ હતા, આંબલાથી મુખ્ય પાઇલોટ બને છે. સાથે જ બાની

ગૃહસ્થી બધે જ પહોળે પાટલે જ પથરાયેલી હતી. હનુમાનજીની માફક બાને બીજું કશું જ દેખાતું નહોતું. થાક્યા વગર, બીમાર પડ્યાં વગર, કશું ચૂક્યા વગર, તેઓ આ બધુ અવિશ્રામ કર્યે જતા. કોઇ અસામાન્ય સ્ત્રી જ દાખવી શકે તેવું પ્રતિવ્રત આ સમયમાં બાએ દાખવ્યું હતું.

અજવાળી બા નાનાભાઇને સંતાનોના વિરહ સમયે હામ ભીડાવે, ટટ્ટાર રાખે તો પાછા પોતે પણ કેટલાક પાઠ શીખતા જાય. નરેન્દ્રભાઇ (પુત્ર)નું અવસાન, નાનાભાઇની લથડતી તબિયત, સંસ્થાના ટ્રસ્ટી મંડળે નાનાભાઇના દેહાંત પછી પણ તેમનું લોકભારતીવાળું નિવાસ અજવાળી બાનું રહેશે એવું નક્કી કરેલું. ત્યારે નાનાભાઇ કહેતા-બાબુની બા, હું ન હોઉં ત્યારે તું દુઃખી ન થાય એ માટે સંસ્થાએ વિચાર કર્યો છે. જીવનમાં પ્રથમ વખત કશું ભૌતિક નાનાભાઇએ સ્વીકાર્યું હતું. તેમાં પણ પત્ની માટેની લાગણી તથા પતિધર્મ કારણભૂત છે. ત્યારે બાએ કહેલું કે સંસ્થા તેને જે ઠીક લાગે તે કરે, પરંતુ મારે તો તમે ન હો તેનાથી મોટું દુઃખ બીજું કયું હોય? અહીં પરસ્પરનું મહત્ત્વ કેવું અભિન્ન બની ગયું છે? સમજદાર માટે સુખ કેવી સૂક્ષ્મ વસ્તુ છે? આપણે ત્યાં કહેવાય છે કે પ્રભુસ્મરણ એ શ્રેષ્ઠ સુખ છે, પ્રભુ વિસ્મરણ એ સૌથી મોટું દુઃખ છે. પતિ સાથે જોડાયેલા પોતાના સુખદુઃખ અંગે અજવાળી બા કેટલા બધા સ્પષ્ટ હતા! ચોથું ભણેલા બાની આ વાતો પરથી સ્પષ્ટ થાય છે કે ભણતર અને ડહાપણ કાયમ સાથે નથી હોતા. નાનાભાઇ મૃતપુત્રને સંભારીને રડવા લાગે એટલે બા તેમનો હાથ પકડી, પોતે સ્વસ્થ રહેવા પ્રયત્ન કરતા, અને હિંમત બંધાવતા કહેતા કે 'તમે જ કહો છો આ બધી તો ભગવાનની લીલા છે, ને પાછા તમે જ ઢીલા પડો છો! તમે હિમ્મત રાખો' (પૃ.૬૫) અહીં પણ 'બા'નું દુઃખ સામે ટકી રહેવાનું બળ જોઇ શકાય છે.

નાનાભાઇએ કાંતેલા સૂતરમાંથી તેમણે એક સાડી વણાવી રાખેલી. પુત્રવધૂ પ્રફુલ્લાને આપી રાખેલી. કહેલું 'છેલ્લે મને આ ઓઢાડજો'. પતિ સાથેના અભિન્ન સંબંધની આ અનોખી વાત છે! નાનાભાઇની વિદાય પછી ચારેક વર્ષ બા લોકભારતી છોડી બહાર ગયા. એ પછી તેઓ બહાર જ વધુ રહ્યા. આમ છતાં તેમણે પોતાના અંતિમ સંસ્કાર સણોસરામાં જ થાય તેની ઇચ્છા રાખી. આ દર્શાવે છે કે નાનાભાઇ તેમજ સંસ્થા સાથે બાનું આંતરિક જોડાણ કેટલું બધું દૃઢ અને જીવંત હતું. નાનાભાઇના સમગ્ર પરિવાર માટે બા અન્નપૂર્ણા અને આરોગ્યપૂર્ણા બની રહે છે. ગુજરાતના કેળવણીના આકાશમાં નાનાભાઇનો તારો પ્રકાશ્યા કરવાનો ને તેની બાજુમાં નાનો-નાજુક અજવાળી બાનો તારો પણ પ્રકાશતો રહેવાનો.

હા, અજવાળી બામાં મર્યાદાઓ નહોતી તેવું નથી. આપણા સૌમાં હોય છે તેવી કેટલીક અતિ સામાન્ય મર્યાદાઓ તેમનામાં પણ હતી. બા ભોળા હતા પરિણામે બીજાનાં અયોગ્ય કે અહિતકારી મત અભિપ્રાયમાં દોરવાઇ જતા. પરિવારનાં વિશાળ વ્યાપક હિતનાં ભોગે એકલદોકલને મહત્ત્વ આપી બેસે તેવા મમત્વવાળા હતા. પરંપરાગત ખ્યાલોને કારણે ઘરનાં જ સભ્યો માટે બેવડાં ધોરણો રાખી બેસતા. ધર્મસંકટના ત્રિભેટે પોતે એકલા ન્યાયી, ઉચિત, તટસ્થ નિર્ણય લેવા ટેવાયેલાં નહોતાં.

આદર્શ ગૃહસ્થીમાં સ્ત્રી કેવી સહાયક ભૂમિકા ભજવી શકે. કેવો છૂપો ટેકો આપી શકે તે માટે અજવાળી બા આદર્શ બની ગયા. નાનાભાઇ બાના પતિ, પ્રિયતમા, મિત્ર, ગુરુ દેવતા હતા. બા નાનાભાઇના સહધર્મચારિણી, પ્રિયતમા, મિત્ર શિષ્યા, ભક્ત બની રહ્યાં. નાનાભાઇ-બાના દામ્પત્ય દ્વારા સફળ તેમજ શ્રેષ્ઠ દામ્પત્યની ગુરુચાવી લાધે છે. નાનાભાઇ-બાનું દામ્પત્યજીવન એ જળ જેવું નિર્મળ હતું. તેમાં ઊંડે પડેલાં સાર્થક-ગૃહસ્થીના મર્મો- રહસ્યો, તે જોઇ શકનારાને, સનાતન કાળ સુધી દેખાયા કરશે. તેમનું દામ્પત્ય પારદર્શક-પથદર્શક બને તેવું હતું. નાનાભાઇએ જ કહ્યું છે ને કે ધ્વજને ઊંચો રાખનાર તેની કાઠી છે એવી ઊંચી કાઠી બનવાનું કામ બાએ કર્યું હતું.

ટૂંકમાં, નાનાભાઇ અને બાનું પ્રસન્ન દામ્પત્ય કેવું અને કેવી રીતે બન્યું, તે માટે બે અવતરણ વાંચવા જોઇએ-

સરલાદેવી સારાભાઇએ લખ્યું છે, 'શ્રી નાનાભાઇનું ગૃહસ્થજીવન કેવું સુંદર!' જ્યારે જ્યારે મેં તેઓનું આતિથ્ય માણ્યું છે ત્યારે હંમેશ મને ખૂબ આનંદ થયો છે. તેઓને પતિ-પત્નીને જોઇ મને કલાપીની પેલી પંક્તિ યાદ આવતીઃ 'અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!' 'મહાભારતના પાત્રો' (લે. નાનાભાઇ ભટ્ટ)માં ગાંધારીના પાત્રના મુખમાં નાનાભાઇએ શબ્દો મૂક્યાં છેઃ 'લગ્ન માત્ર કજોડા છે, તેને સજોડા કરવાના છે', નાનાભાઇ અજવાળી બાનું સહજીવન આ વાક્યના પૂર્વાર્ધની વાસ્તવિકતા રૂપ પણ હતું ને ઉત્તરાર્ધની સિદ્ધિરૂપ પણ હતું.

(ગુજરાતી વિભાગ, ભવન્સ કૉલેજ, ડાકોર)

## અધ્યાય-૧૭ ''શ્રદ્ધાત્રય વિભાગ યોગ''

ઘનશ્યામસિંહ એન. ગઢવી

**शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्वितः।**
**तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः॥**

(गी. १७-१)

શાસ્ત્રની દુહાઇ આપતા તો કહે છે-

तस्मात् शास्त्र प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ।

(गी.१६-२४)

કે ભક્ત નરસિહંનું આ પદ યથાતથ કહી દે છે શાસ્ત્ર એટલે કે-
રાત રહે જાહય રે પાછલી ખટઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી સમરવા શ્રી હરિ, એક તું એક તું એમ કહેવું.
જોગિયા હોય તેણે જોગ સાંભળવા, ભોગિયા હોય તેણે ભોગ ત્યજવા.
વેદિયા હોય તેણે વેદ સંભાળવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.
આપણે આપણો ધર્મ સંભાળવો, કર્મનો મર્મ લેવો વિચારી.

ગુણાનુસાર અને શાસ્ત્રસંમત કર્માજ્ઞા જણાવી છે. જ્યાં વિધિહીન અને મંત્રહીનને તામસ યજ્ઞ કહ્યો, ત્યાં પણ શાસ્ત્રસંમત કર્મ ઉપર ભાર મૂક્યો છે. (ગી. ૧૭-૧૩). વિધાનોક્તા (ગી. ૧૭-૨૪) શાસ્ત્રવિધિમાં કહેલી ક્રિયાઓ જેવી કે प्रकृति नियता स्वया કહી છે. કાર્યાકાર્યના વિવેકને સમજાવીને શાસ્ત્રને પ્રમાણ કરીને તથા વિધિ, શ્રદ્ધાપૂર્વક કર્મની શીખ આપી છે. જેમાંથી સાત્ત્વિક કર્મ એટલે શાસ્ત્ર અને શ્રદ્ધાનો મેળ જેમાં હોય તે. જેમાં શાસ્ત્ર કે શ્રદ્ધા બંનેમાંથી એકેય નહીં તે તામસી અને જેમાં કોઇ એક જ પ્રમાણિત હોય કાં તો શાસ્ત્ર અને કાં શ્રદ્ધા, તો તેવું રાજસી કર્મ માનવું. શ્રદ્ધા સર્વના સ્વભાવ મુજબ હોય છે.

ઉપરના અર્થને સમર્થન આપતો આ શ્લોકાર્ધ અધ્યાય ૭ માં युक्तचेष्टस्य कर्मसु। (ગી. ૬-૧૭) કહ્યું જ છે. જો આવા લોકોને જાણવા હોય તો કેમ જાણી શકાય? જેમ કે સત્ત્વશીલ સંત, રજોપ્રભાવી રાજકાજી કે તમોભિમુખ અભિનેતાદિ હોઇ શકે. શાસ્ત્ર સંકેત છે, સત્યપંથે આવતા વિઘ્નોની સૂચના જ્યાં આપી છે તેનો સંગ્રહ જ શાસ્ત્ર છે. પછી ભલેને તે નરસિંહ મહેતા ગાય તે પદ જ કેમ ન હોય? કે હોય ગુજરાતી ભાષા? અવિવેકની વાત હુબહુ આ ગીત વ્યક્ત કરે છે, જુઓ लडकपन खेलमें खोया, जवानी नींदभर सोया, बुढापा देख के रोया। આ જ બાબતને માણસના વશની ન હોય તેને સ્વભાવવશ હોતા જણાવ્યું કે તેની પાછળનું રહસ્ય સમુળગું આ છે-

स्वभावेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत्॥

(ગી. ૧૮-૬૦)

श्रद्धा यथा यो यच्छद्धः स एव सः। ઘણીવાર અશુદ્ધ પાત્રમાં સોનું ઢાળવામાં આવે તો તે શુદ્ધ નથી કહેવાતું. તેમ શ્રદ્ધા શ્રદ્ધા જ છે, કેમ કે પ્રાણીમાત્ર ત્રિગુણયુક્ત હોવાથી તે પણ પાત્રભેદે ત્રિધા બને છે. વૃત્ત્યાનુસાર મન અને મન પ્રાણે ક્રિયા તથા ક્રિયા મુજબ ગતિ થતી હોય છે. શું બીજ મટે તો વૃક્ષમાં બીજ સમાઇ જતું નથી? એટલે કે કોટિ કલ્પે પણ જાતિ ન બદલાય.. આમ અપાર જન્મે પણ માણસનું ત્રિગુણત્વ ગુણોત્તરમાં પ્રવર્તતું હોય છે. આથી શ્રદ્ધા ત્રિગુણ કલ્પાઇ. દિવ્યકર્મીની શ્રદ્ધા દેવ તરફ, અન્યોની યક્ષાદિ પ્રતિ કે તામસી લોકોની ભૂતપ્રેતાદિમાં શ્રદ્ધા હોઇ શકે. श्रद्धावांल्लभते ज्ञानम्। (ગી. ૪-૩૯) આ શ્રદ્ધા માણસને જ્ઞાનની યાત્રા કરાવતી હોવાથી તેને પૂરે-પૂરી સમજાવી છે. જેની જેવી શ્રદ્ધા ભગવાન તેને તેવી રીતે મળે છે. (ગી. ૭-૨૧) અને અંતે તો ગમે તેને ભજે છે આવે છે મારા સુધી. (ગી.૯-૨૩) सर्वदेवनमस्कारान् केशवं प्रति गच्छति। એનાથી વિપરીત અશ્રદ્ધાવાળો પુનઃ અહીં આવે છે. (ગી. ૯-૩, ૨-૭)

ત્રિવિધતા ઘણામાં સમજાવી છે જેમ કે દેહી ત્રિવિધ સ્વભાવજ હોય છે. અંતઃકરણગત સંસ્કારના ભેદથી શ્રદ્ધાભેદ થાય છે. કર્માધારી પુરુષ શ્રદ્ધામય છે. ગીતાકાર અશ્રુતિદર્શનને અનૃત કહે છે. આ લોકો શરીરસ્થ પરમાત્માને અને સત્તા અર્પનાર ચૈતન્યને પણ કૃશ બનાવે છે. આથી રાજસિક-તામસિક લોકો આસુરી પદાર્થયુક્ત કહેવાય.

આહાર યથૈવ ત્રિવિધ શ્રદ્ધાનુસાર હોય છે. મનુષ્યની આહારરૂચિ પણ યથાવિધ થાય છે. કારણ કે વૃત્તિમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. લોકમાં જોવા મળે છે, તેમ મદિરા પીતો તુરંત મદમત્ત થતો જોવા મળે છે. જો દૂધમાં મિશ્રિત પણ ઝેર હોય તો દૂધને મારક બનાવી દે જેમ તેમ જેવો જેનો આહાર તેવી તેની કૃતિ બને છે. કૃતિ એટલે કે કર્મ દા.ત. તપેલ પાત્રમાં પાણી તપે. મધુર રસમાં અધિકતર પ્રીતિ, પ્રકૃતિએ આપેલ સરસ દ્રવ્યો, સુગંધિત સુપક્વ સ્નેહિલ અને સ્વાદુ, પરિણામે લઘુ એવા પેટ માટે સુખવર્ધક સાથે સાથે ભોજ્ય, અતીવ સત્ત્વશાળી બલવર્ધકાદિ પદાર્થો પસંદ કરે છે તે સત્ત્વશીલ છે. शुद्दो सत्त्वशुद्धि (છાંદોગ્ય. ૭-૨-૨૬) છે. રાજસિક કટુ વ. પદાર્થોને વરે છે. જેમ કે સ્વભાવે અતિશય રસવાન અને ઉષ્ણાહાર. તામસિક વિદાહિન, આમયોત્પાદક, યાતયામ, ઉચ્છિષ્ટ, અમેધ્ય જેમ ભુંડને મલ પ્રિય તેમ આવો આહાર સહજ જેને પ્રિય તેને તામસપ્રિય કહેવાય છે.

યજ્ઞ (ગી. ૧૭-૭) નિષ્કામ કર્મ યજ્ઞ છે. દા.ત. કોઈએ બંધાવેલ કૂવાનું પાણી કોઈ પીઈને તૃપ્ત થાય. આમ બનાવનારે કરેલુ કર્મ નિષ્કામ અને તે યજ્ઞરૂપ બની જાય છે. (ગી. ૪-૮). વેદથી યુક્ત, દ્રવ્યાદિથી ભરપૂર, ફલાશારહિત સાત્ત્વિક છે. ફળની આશા સાથે, જગતમાં યશકામી યજન હોય ત્યાં રાજસી યજ્ઞ જાણવો અને કામ સિવાય પ્રયોજન નહિ, અવિધિપૂર્વક મરણ મુહૂર્ત જુએ તેમ વ્યર્થ યાજ્ઞાભાસ લાગે તે તામસી યજન છે.

તપ (ગી. ૧૭-૧૪ થી ૧૯) કાયિક-વાચિક-માનસિક એવા ત્રિવિધિતપ જણાવ્યા છે. એટલે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા પ્રમાણે કર્તવ્ય કરે તે યજ્ઞયાગાદિને પણ તપ કહેવાય છે. માનસકાર કહે છે આ બધું તપબળે તો સ્થિર છે. तपबल रचइ प्रपँच विधाता. સામાન્ય રીતે મનાય છે કે દેહદમન એટલે તપ. તે નહીં પણ દેવ-દ્વિજ-ગુરુ-વિદ્વાનની પૂજા, પવિત્રતા, નીતિમત્તા, બ્રહ્મચર્ય, અહિંસા વગેરે શરીરતપ છે. દેવાલય પ્રતિ મનસા, મંદિર સ્વચ્છ કરવું. મૂર્તિને નમતો, વિધિપ્રમાણે દેવતાદિઓને નમતો, તીર્થાદિમાં પૂજન કરતો જોવાય. જેમાં દેહ પ્રધાન હોવાથી તે દૈહિક તપ છે.

સત્ય (ગી. ૧૭-૧૪)કોઈને દુઃખ ન પહોંચાડવું. સત્ય-પ્રિય-હિતકારી વાક્ય બોલવું. વેદ આજ્ઞા કરે છેઃ सत्यं ब्रूयात् । प्रियं ब्रूयात् । પણ મહાકવિ ભારવિ કહે છે તે કેમ બને? हितं मनोहारी च वचनं दुर्लभम् । સત્ય અને પ્રિય બોલવાની યુક્તિ અહીં બતાવી છે-

કાણાને કાણો નવ કહીયે, કડવાં લાગે વેણ,
ધીમે રહીને પૂછીએ કે શેણે ખોયાં નેણ.

विषकुम्भे पयोमुखम् કે હિતોપદેશ अपियस्य च पथ्यस्य वक्ता श्रोता हि दुर्लभः (મહાભારત શાં.પ. ૬૩-૧૭) બાપુએ મંત્રાત્મક કે સૂત્રાત્મક ત્રણ શબ્દો સત્ય-પ્રેમ-કરુણા આપ્યા. પણ એ શબ્દો નહીં કિન્તુ લાઈફ સ્ટાઈલ આપી છે કે જો આને અનુસરો તો તમામ શાસ્ત્રવિધિ પ્રમાણે જીવનચર્યા જીવાઈ જાય, આમાં બધું સમાઈ જાય છે. અને એમાં સૌથી પહેલો ભાગ સત્ય છે. કર્ણપ્રિય વચન ઉચ્ચારતો વાગ્તપસ્વી છે. મનપ્રશાંતિ, સૌમ્યતા, મૌન અને આત્મસંયમ માનસિક તપ છે. તેવા મનસ્વીનું મન વિકલ્પોથી મુક્ત અને સ્વસ્વરૂપમાં સ્થિર રહે છે.

ત્રણેય તપ પૂર્ણશ્રદ્ધા અને ફલાશા વિના કરાય તો તે સાત્ત્વિક, સત્કાર-પ્રતિષ્ઠા-પ્રદર્શન માટે કરાય તો રાજસિક અને કષ્ટ-અન્યને હાનિકર્તા હોય તો તે તપ તામસિક કહેવાય.

બ્રહ્મચર્ય, શૌચ, સ્વાધ્યાય (ગી. ૧૭-૧૮) વ. ને ગણાવીને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે આપવું તે દાન કહ્યું. કાલ-પાત્ર વ.વિચારીને, ફલાશા વિના અપાય તે, સ્વધર્માચરણથી સ્વપરિશ્રમથી અર્જિત અને યથાવિધિ નિષ્કામ ચિત્તથી તથા પ્રતિદાનાપેક્ષા વિના અપાયેલું સાચું દાન છે. ફલાશાથી કરાતું દાન રાજસિક, ઉપહારની આશાએ કરતો, દેશાદિનો વિચાર કર્યા સિવાય આપવું તથા અપમાન સાથે જે દાન કરાય તો તેવા દાનને તામસિક છે. તેવો વળી પાછો સમયાનુપાલન વિના, અકાળે અને દંભાર્થે તથા શ્રદ્ધારહિત આપતો હોય છે.

આગળ વેદમૂલક ઓમકારની વિભાવના આપતા કહ્યું કે પ્રણવ, ઓંમ કે નાદબ્રહ્મ તરીકે પ્રસિદ્ધ-

ऊँतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाशच यज्ञाश्च विहिताः पुरा ॥
(ગી. ૧૮-૨૩)

એકત્ર તેનું વર્ણન વિસ્તારથી થયું છે. જેમ કે-

अकारः पीतवर्णः स्यात् रजोगुणः उदीरितः ।
उकारः सात्त्विकः शुक्लः मकारः कृष्णस्तामसः ॥

કહેવાયું કે દેવતાદિઓ તેમાંથી ઉદ્ભવ્યા છે.

उँकारप्रभवाः देवाः ओंकाराप्रणवाः स्वराः ।
ओंकारप्रभवं सर्वं त्रैलोक्यसचराचरम् ।
हस्वो दहति पापानि दीर्घः संप्रत्ययः अव्ययः ।
अर्धमात्रासमायुक्तः प्रणवो मोक्षदायकः ॥
(ધ્યાનબિંદુ ઉપનિષદ્, ૧૨ થી ૧૭)

રજોગુણી 'અ' પીળો વર્ણ, 'ઉ' સાત્ત્વિક અને શુક્લવર્ણયુક્ત અને 'મ' કાર કૃષ્ણવર્ણીય અને તામસી છે. જેમાંથી સર્વ દેવો, સ્વરો અને સચરાચર ઉત્પન્ન છે. તે પાપનાશક અને સમૃદ્ધ કરનાર છે. ઓમ તત્ સત્ ઈતિ બ્રહ્મનો નિર્દેશ કરાયો છે. યજ્ઞ હોય કે દાન કે પછી તપ કે કર્મ આ બધું જ બ્રહ્માર્પણભાવ બ્રહ્માર્પણ, અવિધિપૂર્વકનું પણ નિર્દોષ થઈ જાય છે. સૃષ્ટિના આરંભે બ્રહ્માએ યજ્ઞાદિની ઉત્પત્તિ કરી. ત્રણે સૃષ્ટિના મૂળ છે. ઓમ સર્વોચ્ચ સત્તાનું પ્રતીક છે. सच्चातच्चाभवत् તે બ્રહ્મ જગદોપરિ અને જગદાન્તરગત પણ છે. તે જાગ્રતાદિ સ્થિતિઓનું કારક છે. બ્રહ્મવાદી જીવનમુક્ત બને છે.

સત્ શબ્દ અસ્તિત્વ અને સાધુત્વ અર્થમાં અહીં પ્રયુક્ત છે. યજ્ઞાદિમાં સ્થિરભાવ એટલે સત્ ઉપરોક્ત કર્મો શ્રદ્ધારહિત કરાય તો અસત્ અને નિષ્કામભાવે થાય તો તે જ સત્કર્મ ગણાય છે.

આમ, આ અધ્યાય સમગ્રતયા કર્મ કેમ કરવું તેનું માર્ગદર્શન કરે છે.

(પ્રિન્સિપાલ, એન.એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર)

॥ વાર્તા ॥

# ચોરી

**પારુલ ખખ્ખર**

રીમા વહેલી સવારની મીઠી નીંદર માણી રહી હતી.મોબાઈલ રણક્યોં અને એ ઝબકીને જાગી. 'અત્યારે તો કોણ હશે?'વિચારીને કાને અડાડયો.

'હલ્લો, રીમા... ગીતાબેન બોલું ગોંડલથી'

'હાં ગીતામાસી, બોલો'રીમા બગાસું ખાતા બોલી.'

'બેટા, જલ્દી આવી જા. તમારા ફ્લેટમાં ચોરી થઈ છે.'

'ઓહ. માય. ગોડ. પપ્પા ક્યાં છે?'

'અહિંયા જ છે'

'ઓકે. હું નીકળું હમણાં'કહી રીમાએં ફોન કટ કર્યો.

સૌમિલ પણ જાગી ગયો હતો. એ કહે 'શું થયું?'

'પપ્પાના ઘરમાં ચોરી થઈ છે. બાજુવાળા ગીતામાસીનો ફોન હતો.' રીમા ચિંતાભર્યા સ્વરે બોલી.

'ઓહ..'

'તું બસની તપાસ કર, ત્યાં હું ફટાફટ નાહી લઉં' કહેતા એ ભાગવા લાગી.

સૌમિલે એનો હાથ પકડી કહ્યું' શાંતિ રાખ. જે જવાનું હતું એ ચાલ્યું ગયું હશે. તું ઉતાવળ ન કર. અને હાં..મારી જરૂર છે? હું સાથે આવું?

'અરે ના..ના..હું છું ને? આઈ વિલ મેનેજ' કહી સૌમિલને લ્હાલ કરીને તે બાથરૂમ તરફ ચાલી ગઈ.

એ નાહીને નીકળી ત્યાં ચા અને ખાખરો તૈયાર હતાં. બાજુમાં એક નાનકડી બેગમાં એક જોડી કપડાં, ચશ્મા, પર્સ, મોબાઈલ/ચાર્જર પણ રેડી હતાં. રોમાએ લ્હાલથી સૌમિલ સામે જોયું એને થયું સૌમિલ બિલકુલ પપ્પા જેવો જ છે,પપ્પા પણ આમ જ મમ્મીનું ધ્યાન રાખતા. મમ્મીની નાનીનાની જરૂરિયાતની કાળજી રાખતા. કમનસીબે પપ્પાની ચાહત કોઈ સાઉન્ડપ્રૂફ રૂમમાં ગુંગળાઈને રહી જતી, ક્યારેય પડઘો જ ન પડતો.

'ઓ મેડમ, ક્યાં ખોવાઈ ગયાં? બસ ચૂકાઈ જશે.'

'ઓહ..યેસ..' કહેતી એ ઊભી થઈ.

બસસ્ટોપ પર બહુ ચહલપહલ ન હતી. બસ પણ ખાલી જ હતી. રીમા સીટ પર માથું ઢાળીને વિચારે ચડી. પપ્પા ક્યાં ચૂકી ગયા હતા? પોતે તો કશું સમજી શકે એવડી ઉંમર જ ક્યા હતી? બન્ને છૂટ્ટા પડયા ત્યારે કોની સાથે રહેવું છે એવું પૂછવામાં પણ નહતું આવ્યું. એ બહુ નાની હતી આ ઘટના બની ત્યારે, એને કશું સ્પષ્ટ યાદ નથી આવતું. એક ધુંધળું દશ્ય દેખાયા કરે, મમ્મી મોટી મોટી સુટકેસોમાં કપડાં ભરી રહી હતી. શું થયું? શા માટે થયું? કોઈએ સમાધાન કેમ ન કરાવ્યું? પપ્પા કઇ ભૂલની સજારૂપે આ એકલતા ભોગવી રહ્યા હતા. પપ્પા તો એ વખતે યુવાન હતા એમણે ફરી લગ્ન કેમ ન કર્યા? સવાલો અનંત હતા, જવાબ એક પણ ન હતો. રીમાએ વિચાર્યું આ વખતે તો પપ્પા સાથે આ બધી ચર્ચા કરી જ લેવી છે.

પર્સમાં રહેલો ફોન ધ્રૂજ્યો.

સામે છેડે મમ્મી હતી.' હાય.. સ્વીટી... ગુડમોર્નિંગ'. 'સુગર ફ્રી' જેવો કૃત્રિમ મીઠો અવાજ સંભળાયો.

'હા..મમ્મી જયશ્રી કૃષ્ણ'

'બેટા...સાંભળ્યું કે 'શ્યામ'માં ચોરી થઈ?' મમ્મી અમારા ફ્લેટને 'શ્યામ એપાર્ટમેન્ટનો' એકમાત્ર ફ્લેટ સમજતા હોય એમ માત્ર 'શ્યામ' જ કહેતાં.

'હા મમ્મી, હું ત્યાં જ જાઉં છું. બસમાં જ છું.'

'હું તો દૂર છું એટલે ન આવી શકું.'

'હા તમે તો દૂર જ છો ને મમ્મી વરસોથી'

'પહોંચીને મને જાણ કરજે ને પ્લીઝ..શું શું ગયું છે? મને ચિંતા થાય છે.'

'જવા જેવું તો ક્યાં કશું હતું ત્યાં' કહીને રીમાએ ફોન કટ કર્યો મોઢું કડવું થઈ ગયું.

રીમા ફરી સીટ પર માથું ઢાળી ગઈ. એની આંખ સામે પપ્પા દેખાતા હતા. એને બે ચોટલા વાળી સ્કૂલે મોકલતા પપ્પા, એના હાથમાં મહેંદી મૂકી આપતા પપ્પા, એને પરીક્ષાની તૈયારી કરાવતા પપ્પા,એને ભીંડાનું શાક શીખવતા પપ્પા, એને સૌમિલ સાથે વિદાય આપતા પપ્પા. કેટલાં બધાં રોલ પપ્પાએ એકલા હાથે નિભાવી જાણ્યા!

કોઈ દિવસ ઈશ્વરને ફરિયાદ નથી કરી. કાયમ હસતા ને હસતા જ રહે! રીમાને એક અજીબ વિચાર આવી ગયો. સારુ થયું મને મમ્મી પોતાની સાથે ન લઈ ગઈ, નહિતર આવા ભગવાનના માણસને ઓળખ્યા વગરની રહી જાત.

રીમાએ ઘણી વખત પપ્પાને પૂછ્યું હતું 'એક્ઝેટલી કઈ બાબત પર તમે એકમત ન થઈ શકયા? અને આવડો મોટો નિર્ણય લઈ બેઠાં?' આમ તો પપ્પા વાત ટાળી જતા પરંતુ લાસ્ટ ટાઈમ ગઈ હતી ત્યારે આ પ્રશ્નનો જવાબ કોઈ જ કડવાશ લાવ્યા વગર પપ્પાએ આપ્યો

હતો'. 'બેટા તારી મમ્મીને મારી મુફલિસી માફક ન આવી. અમે પરણ્યા ત્યારે મોટો બિઝનેસ હતો, ઘરમાં લક્ષ્મીની રેલમછેલ હતી. કમનસીબે ધંધામાં ખોટ ગઈ અને મારે નોકરી કરવાના દિવસો આવ્યા. ટૂંકી આવકમાં એના સપના પૂરા થાય તેમ ન હતા એટલે ચાલી ગઇ'. પછી રીમાના માથા પર હાથ મૂકીને કહેતા 'તારી મા તને મૂકતી ગઇ અને મને માલામાલ કરતી ગઇ.' એ વ્હાલથી પપ્પાને વળગી પડી હતી.

પર્સમાં પડેલો ફોન ફરી ધ્રૂજવા લાગ્યો. આ વખતે સચીનભાઇ હતા, પપ્પાના મોટાભાઇનો દીકરો.

'હેલ્લો, સચીનભાઇ'

'રીમા, તું નીકળી કે નહીં'

'હા, રસ્તામાં જ છું. પપ્પા ક્યાં છે?'

'અહિંયા જ છે.'

'એમને ફોન આપોને, વાત કરવી છે.'

'એ પોલિસથી ઘેરાયેલા છે, વાત કરી શકે તેમ નથી.' ફોન કટ થઇ ગયો.

એને તીવ્રતાથી પપ્પાને મળવાનું મન થઈ આવ્યું એને થયું દોડીને પપ્પાને મળવા જઈ શકાય એટલી નજીક રહેતી હોત તો કેવું સારું હોત. પપ્પા પર લ્હાલ ઉભરાવા લાગ્યું. મનોમન નક્કી કર્યુ કે આ વખતે તો પપ્પાને સાથે જ લઈ આવવા છે. ન માને તો જીદ કરીને પણ લાવ્યે છૂટકો કરીશ. થોડા દિવસ સાથે રહીશું , ક્યાંક નજીકમાં ફરી આવીશું.

ફોન ફરી ધ્રૂજ્યો. મમ્મી હતી. રીમાએ ફોન રીસીવ જ ન કર્યો. આ એ જ સ્ત્રી જે પપ્પાને છોડીને લક્ષ્મીની પાછળ પાગલ થઈ હતી ! છૂટાછેડાના કાગળો પર સહી થયા બાદ પોતાના ભાઈ જોડે બિઝનેસમાં જોડાઈ ગઈ. આમ પણ મુંબઈ જેવી મોહમયી નગરી મમ્મીની તબિયતને જરા વધુ માફક આવે તેમ હતી. ક્યારેક ક્યારેક ફોન આવતા પણ રૂબરૂ તો ક્યારેય મળી નથી. ત્યાં બેઠી બેઠી અહીંની ખબર મેળવ્યા કરે.પપ્પા ક્યારેય બોલ્યા નથી પણ રીમા સમજણી થઈ પછી સગાવ્હાલાઓના મોઢે સાંભળ્યું હતું કે મમ્મી જતાં જતાં પપ્પા પાસે હતું એ બધું જ લઈને ચાલી ગઈ હતી. પપ્પા સાફ થઈ ગયા હતા.

બસ આંચકા સાથે ઊભી રહી અને એની વિચારયાત્રા થંભી ગઈ. એ ઉતાવળે નીચે ઊતરી, ફટાફટ રીક્ષા કરી આનંદનગર પહોંચી. હજુ સવારના નવ વાગ્યા હતા એટલે બહુ માણસો દેખાતા ન હતા. રીક્ષા 'શ્યામ એપાર્ટમેન્ટ' પાસે ઊભી રહી. ગેટની બહાર પોલિસની જીપ ઊભી હતી.રીમા લિફ્ટની રાહ જોયા વગર પગથિયાં ચડવા લાગી. પોતાના ફ્લેટ પાસે માણસોની ભીડ જામી હતી. એ માંડમાંડ રસ્તો કરતી અંદર ગઈ.એની નજર આખા ઘરમાં ફરી વળી. ચારેબાજુ બધું વેરણછેરણ પડયું હતું એક એક ઘરવખરી પર ચોરનો હાથ ફરી વળ્યો હતો એને જોઇ સચીનભાઈ ઝડપથી એની પાસે આવ્યા. 'આવી ગઈ? જો..એકપણ વસ્તુને હાથ ન લગાડજે. ફિંગરપ્રીન્ટ ન લેવાય ત્યાં સુધી કયાંય અડવાનું નથી.'

'સચીનભાઈ, પપ્પા ક્યાં છે?'

'અંદર બેડરૂમમાં છે.'

એ અંદર જવા વળી. બે પોલિસમેન દરવાજા પર ઊભા હતા.

મેડમ, ઈન્વેસ્ટીગેશન ચાલુ છે.આપ હમણા અંદર નહીં જઈ શકો. એ નિરાશ થઈ પાછી વળી.

સચીનભાઈના મોબાઈલમાં વારંવાર રીંગ વાગતી હતી, એ બધાને ધીમે અવાજે કહેતા હતા. થોડી વારમાં જણાવું છું. પોલિસ આવી છે, એ જાય પછી નક્કી કરીને વાત કરું છું. રીમાને થયું, સચીનભાઈએ આખા ગામમાં ચોરીનો ઢંઢેરો પિટવાની શી જરૂર હતી?

એની આસપાસ લોકોની ભીડ જામેલી હતી. કોઈ ખસવાનું નામ લેતા ન હતાં. જાતજાતના સંવાદો સંભળાતા હતા.

એ આંખો બંધ કરી નીચું માથું કરીને બેસી રહી. ખુલ્લા કાનમાંથી ધરાર ઘૂસી જતા વાક્યોં એને વિહ્વળ કરી રહ્યાં હતાં.

'નક્કી' આ જગલા ધોબીનું કામ છે. બાકી આવી હિંમત કોઈ ન કરે.એ રોજ કપડા લેવા-મૂકવા આવતો હતો.'

'મને તો છાપાવાળો હોય એવું લાગે છે.વહેલી સવારે આવીને આ કામ કરીને જતો રહ્યો હોય, કોઈને ખબર પણ ન પડે'

'તમે બધા ગમે તે કહો પણ આ કામ ઘરઘાટી શંકર સિવાય કોઈ ન કરે. સૌથી વધુ એની અવરજવર આ ઘરમાં રહેતી હતી.'

'જે લોકો રોજ આવતા હોય એ આવા કામ ન કરે, એના ઉપર તરત શંકા જાય એટલે એ લોકો તો બહુ સજાગ હોય.'

'એકલા રહેવાનો તો જમાનો જ નથી રહ્યો ભાઈસાબ...'

અનેક પ્રકારની વાતો હતી, અનેક અટકળો હતી, અનેક શંકાઓ હતી પણ કશું જ નક્કર ન હતું રીમાએ કાન બંધ કરી દીધાં. લગભગ કલાકેક પછી

બેડરૂમમાંથી બે પોલિસમેન બહાર આવ્યા. સચીનભાઈને પૂછ્યું' તમને કોઈના પર શંકા છે? સચીનભાઈએ માથું ધુણાવી ના પાડી રીમા ઝડપથી બેડરૂમ તરફ ચાલી.

દરવાજો ખુલ્લો જ હતો રીમાએ ત્યાં જ ઊભા રહી અંદર નજર કરી. આખો રૂમ અસ્તવ્યસ્ત હતો. કબાટની બાજુમાં કપડાનો ઢગલો પડયો હતો, ડ્રોઅર ખુલ્લા પડયા હતા. પંખો ફડફડાટ ચાલતો હતો અને ફાઈલોમાંથી કાગળો ઊડીઊડીને આખા રૂમમાં પથરાયા હતા. રૂમની બરાબર વચ્ચે પપ્પા સૂતા હતા. એ આંખો ફાડીને જોઈ રહી. ગંજી અને લૂંગી પહેરીને સૂતેલા પપ્પાની ફરતે ચોકથી લાઈન દોરવામાં આવી હતી. પપ્પાની આંખો ખુલ્લી હતી. કોઈ અજાણ્યો ભય તેમાં આવીને બેસી ગયો હતો. જીભ બહાર નીકળી ગયેલી હતી. માથું એક તરફ ઢળી ગયું હતું. ઝપાઝપીના નિશાન સ્પષ્ટ દેખાતાં હતાં. રીમા સ્થિર થઈ ગઈ એને પોતાની આંખ પર ભરોસો નહતો આવતો. અવાચક બની ગયેલી રીમાને આ આખુંયે દશ્ય અવાસ્તવિક લાગી રહ્યું હતું. મન અને મગજ બહેર મારી ગયાં હતાં. જાણે કોઈ સંવેદન ત્યાં સુધી પહોંચતું જ ન હતું. સચીનભાઈએ એના ખભ્ભા પર હાથ મૂક્યોં.

ત્યાં જ પર્સમાં રહેલ ફોન ધ્રૂજ્યો, અન્યમનસ્કપણે એણે ફોન કાને લગાડયો. સામે છેડેથી 'સુગર ફ્રી' જેવો અવાજ આવ્યો. 'પહોંચી ગઈ... હની?'

'હા' રીમાએ અભાન અવસ્થામાં જ કહ્યું.

'કંઈ ગયું છે? કશું કિંમતી તો ન હતું ને?'

'હા. ઘણું ગયું છે. કિંમતી હતું તે જ ગયું છે.' રીમાનો અવાજ ઊંચો થવા લાગ્યો.

'ઓહ..ગોડ. શું ગયું?'

'પપ્પા' એણે રાડ પાડીને કહ્યું.

સામે છેડે મૌન પથરાઈ ગયું.

'સાંભળ્યું તમે? મારા પપ્પા ગયા છે. મૃત્યુ નામનો ચોર મારી કિંમતી જણસને ચોરી ગયો છે. પણ તમે ચિંતા ન કરજો મમ્મી તમે કશું નથી ગુમાવ્યું, જે ગુમાવ્યું છે તે મેં ગુમાવ્યું છે.' રીમા ચીસ પાડીને બોલતી રહી.

'મેં ગુમાવ્યું છે.' 'મેં ગુમાવ્યું છે...'

સામે છેડેથી ફોન કપાઈ ગયો. રીમા ઢગલો થઈને ત્યાં જ બેસી પડી.

(તીર્થ, ૧૫૩, ગુરૂકૃપા નગર, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧)

**॥ લઘુકથા ॥**

## ન્યાય?

**હરિત પંડ્યા**

એ, શિવજીની પ્રતિમા સમક્ષ હાથ જોડીને ઊભી રહી ગઇ. એની નજર શિવજીના મસ્તક પરની બીજની રેખા પર સ્થિર થઇ ગઇ.

વિષયાન કર્યા પછીની અસહ્ય બળતરામાંથી રાહત મેળવવા શિવજીએ ચંદ્રની રેખાને પોતાના ભાલપ્રદેશ પર ધારણ કરી દીધેલી.

એના કપાળ ઉપર પણ બીજના ચંદ્ર જેવી રેખા જન્મથી જ અંકિત થઇ ગએલી. એ કારણે પોતે ભણેલી અને પ્રમાણમાં દેખાવડી હોવા છતાં, એનું ક્યાંય ઠેકાણું પડતું નોતું. આ ઓગષ્ટમાં એને ત્રીસ પૂરાં થવાનાં.

એની સમોવડીઓ તો કયારની પોતપોતાનાં ઘર લઇને બેસી ગએલી. કેટલીકને ત્યાં એમનાં સંતાનો ઘોડિયામાં ઝૂલી રહ્યાં હતાં.

એની વાત જ્યાં જ્યાં થતી ત્યાં, એના લલાટે અંકિત બીજની રેખા આડે આવતી.

એ, શિવજી આગળ આંખો બંધ કરીને ફરિયાદ કરતી રહી.

પ્રભુ! આ તે કેવો ન્યાય! આપે ધારણ કરેલ બીજની રેખા આપને વિષની બળતરાની પીડામાં શીતળતાનો અનુભવ કરાવે. અને મારે લલાટે અંકિત થયેલી બીજરેખા મને આખો જન્મારો બાળતી રહે!

(૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨, મોઃ ૯૪૨૮૬૯૯૮૫૪)

॥ અભ્યાસ ॥

## આપણો વૈદિક વારસો

**મિહિર એમ વોરા**

દરેક સંસ્કૃતિનું એક મિશન હોય છે. આપણી ભારતીય સંસ્કૃતિનું મિશન છે, સમન્વય અને વિવિધતામાં એકતા. આ એક આગવું મિશન છે, જે ખાસ કરીને આપણા દેશમાં વિશેષ જણાય છે. ભારત એક પુરાતન દેશ છે, પુરાણ-પુરુષ છે. સેંકડો, હજારો વરસોનો તેનો અનુભવ છે. આ અનુભવના પરિણામે કેટલીક વિશેષતા અહી નિર્માણ થઈ છે. તેમાંની એક વિશેષતા એ છે કે પુષ્કળ વિવિધતાની વચ્ચે અહી એકતા સધાઈ છે.

એક વિવિધતા તો ભાષાઓની. આટલી બધી વિવિધ ભાષાઓ તમને કોઈ એક દેશમાં એક સાથે નહી જોવા મળે. અહીં તો બાર-ચૌદ ઉત્તમ વિકસિત, અર્થ-પ્રકાશન માટે સમર્થ અને લગભગ સમાન યોગ્યતાવાળી ભાષાઓ એક જ દેશમાં જોવા મળે છે. આવું તમને દુનિયામાં બીજે ક્યાંય જોવા નહીં મળે. ચીન ભારત કરતાંયે વધુ વસ્તીવાળો દેશ છે, પણ ચીનમાં ભાષા એક જ છે, ક્યાંક થોડોક પ્રાંતીય ભેદ હશે, પણ તે તો બોલીનો ભેદ. બીજો મોટો દેશ છે રશિયા, જ્યાં અનેક ભાષાઓ છે. તેમ છતાં તેનીયે ભારત સાથે તુલના ન થઈ શકે, કેમ કે ત્યાં રશિયન જ મુખ્ય ભાષા છે, બાકી બધી ગૌણ ભાષાઓ છે. એ બીજી ભાષાઓ કાંઈ રશિયન ભાષાની કક્ષાની નથી. યુરોપમાં ઉત્તમ વિકસિત, અર્થ-પ્રકાશન માટે સમર્થ અને લગભગ સમાન યોગ્યતાવાળી ભાષાઓ છે, પરસ્પર નિકટ પણ છે. પરંતુ તમે જુઓ છો કે યુરોપ એક દેશ નથી. ફ્રાન્સ અને જર્મની વચ્ચે ન કોઈ મોટો પહાડ છે, ન પ્રચંડ નદી. પરંતુ બંનેની નાની-નાની અહંતા છે, જેને કારણે એ બંને અલગ-અલગ દેશ બન્યા છે. જ્યારે ફ્રાન્સ, જર્મની, ઈટાલી જેવા દસ-પંદર દેશો સમાઈ જાય એવડો મોટો દેશ ભારત છે. પણ જાતજાતની ભાષાઓ ને ધર્મો ને જાતિઓ બધા ભેળા મળીને અહી રહે છે. ભારતની આ આગવી વિશેષતા છે. આવી રીતે બધાને સાથે રાખીને એક સહિયારી સંસ્કૃતિ નિર્માણ કરવી, એ બહુ મોટું પ્રગતિનું પગલું છે. અને આ જ ભારતીય સંસ્કૃતિનું પોતાનું આગવું મિશન છે.

ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ભવ ને વિકાસની પ્રક્રિયા જોઈશું, તો તેમાં આપણને આ સમન્વયની પ્રક્રિયા સ્પષ્ટ જણાશે. બહુ પ્રાચીન કાળમાં અહી આર્ય લોકો રહેતા. એમની સંસ્કૃતિ ‘પહાડી સંસ્કૃતિ’ હતી. ત્યારે દક્ષિણમાં જે દ્રવિડ લોકો રહેતા, એમની સંસ્કૃતિ ‘સમુદ્રી સંસ્કૃતિ’ હતી. પછી દ્રવિડો અને આર્યોની સંસ્કૃતિના મિશ્રણથી એક નવી સંસ્કૃતિ ઊભી થઈ, જે ‘ભારતીય સંસ્કૃતિ’ કહેવાઈ.

શરૂઆતમાં તો ઉત્તરની અને દક્ષિણની આ બેઉ સંસ્કૃતિઓ અલગ-અલગ રહી. સેંકડો વરસો સુધી એમની વચ્ચે આપસમાં કોઈ સંબંધ નહોતો, કેમ કે વચમાં એક ભારે મોટું દંડકારણ્ય હતું. પણ પછી બંને જમાતો વચ્ચે સંબંધ આવ્યો. તેના થોડા મીઠા અને થોડા કડવા અનુભવો થયા, અને તેનું પરિણામ આજનું ભારતવર્ષ છે. દ્રવિડ લોકો અહીના બહુ પ્રાચીન લોકો હતા. દ્રવિડો અને આર્યો, બંનેની સંસ્કૃતિઓના સંગમનો લાભ ભારતને મળ્યો અને તેમાંથી એક એવું મિશ્ર રાષ્ટ્ર બન્યું, જેનામાં ઉત્તર અને દક્ષિણના સારા અંશો બેમાલૂમ એકબીજામાં આપોઆપ ભળી ગયા. ઉત્તર અને દક્ષિણ એક થઈ ગયાં. ઉત્તરના લોકો જ્ઞાનપ્રધાન હતા, તો દક્ષિણના ભક્તિપ્રધાન. આ રીતે જ્ઞાન અને ભક્તિનો સંગમ થઈ ગયો. ભારતના દક્ષિણ પ્રદેશની સંસ્કૃતિ દ્રવિડ સંસ્કૃતિ કહેવાઈ. દ્રવિડ એટલે ભક્તિથી જેનું ચિત્ત દ્રવિત થાય છે તે. ત્યાંના ‘તિરુવાચકમ’ ગ્રંથનો મહિમા ગાતાં એમ કહેવાયું છે કે તિરુવાચકમની વાતથી જે પીગળે નહીં, તે બીજા કોઈ પણ વચનથી નહી પીગળે. દ્રવિડ પ્રદેશની આ ભક્તિ-સંસ્કૃતિને રામાનુજાચાર્યે આખા ભારતમાં સંસ્કૃત ભાષા દ્વારા પહોંચાડી. ઉત્તર ભારતના શ્રેષ્ઠ ગુરુ સ્વામી રામાનંદ રામાનુજ સંપ્રદાયના હતા. રામાનંદના બે સર્વોત્તમ શિષ્યો થયા, કબીર અને તુલસીદાસ. તુલસીદાસનું રામચરિતમાનસ જ્યાં વંચાતું ન હોય, એવું ઘર તમને ઉત્તરમાં નહી મળે અને કબીરના દોહરા ઉત્તર ભારતના બહેરાએ પણ સાંભળ્યા છે. એવા ઉત્તરના બે મહાપુરુષો દક્ષિણના રામાનુજ સંપ્રદાયમાં થઈ ગયા. આવી જ રીતે પ્રાચીન ભારતમાં ઘણા વખત સુધી વૈદિકોની બ્રાહ્મણ સંસ્કૃતિ, જૈનોની શ્રમણ સંસ્કૃતિ અને બૌદ્ધોની ભિક્ષુ સંસ્કૃતિ – એમ જાણે ત્રણ ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓ ચાલી. એમની વચ્ચે સંઘર્ષ પણ થોડો વખત ચાલ્યો. પણ સાથે જ સર્વત્ર

(અનુસંધાન-પૃ.૩૧ પર)

॥ આરોગ્ય ॥

# યોગવિજ્ઞાનનું અમોઘ સાધનઃ પ્રાણાયામ

**પી.ડી. શર્મા**

પ્રાણાયામનો શાબ્દિક અર્થ 'પ્રાણનો આયામ' એટલે પ્રાણનો વિસ્તાર કરવો એવો થાય છે. મહર્ષિ પતંજલિએ પ્રાણાયામની વ્યાખ્યા આપતાં પાતંજલ યોગસૂત્રના સાધનાપદના ૪૯માં સૂત્રમાં લખ્યું છેઃ तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः અર્થાત્ શ્વાસોચ્છવાસની ગતિનો વિચ્છેદ કરી પ્રાણને રોકવો તેનું નામ પ્રાણાયામ. કેટલાક લોકોની માન્યતા પ્રમાણે 'પ્રાણ' શબ્દનો અર્થ કેવળ 'વાયુ' જ થાય છે. પણ એ માન્યતા ભ્રામક છે. 'પ્રાણ' શબ્દનો અર્થ 'વાયુ' કરતાં વ્યાપક છે. પ્રાણ તો વાસ્તવમાં પ્રાણશક્તિ અથવા જીવનશક્તિ (Vital Power) છે, જે સ્થૂળ પૃથ્વી પર પ્રત્યેક વસ્તુનું સંચાલન કરતી જોવામાં આવે છે અને જગતમાં વિચારના રૂપમાં રહે છે. બીજી રીતે જોઇએ તો પ્રાણનો સંબંધ મન સાથે, મનનો સંબંધ બુદ્ધિ સાથે, બુદ્ધિનો સંબંધ આત્મા સાથે અને આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે. આ રીતે પ્રાણાયામનો ઉદ્દેશ શરીરમાં વ્યાપ્ત પ્રાણશક્તિને ઉત્પ્રેરિત, સંચારિત, નિયમિત અને સંતુલિત કરવાનો છે. એટલા માટે જ પ્રાણાયામને યોગવિજ્ઞાનનું એક અમોઘ સાધન ગણવામાં આવ્યું છે.

**પ્રાણાયામનું મહત્ત્વઃ**



પૂરક



કુંભક



રેચક

યોગશાસ્ત્રોમાં પ્રાણાયામને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વ્યાસભાષ્યમાં કહ્યું છેઃ तपो न परं प्राणायामात् । ततो विशुद्धिर्मलानां दीप्तिच्य ज्ञानस्य । અર્થાત્ પ્રાણાયામ કરતાં મોટું તપ નથી. એનાથી મળ દૂર થાય છે. અને જ્ઞાનનો ઉદય થાય છે. મનુએ પણ કહ્યું છેઃ दह्यान्ते ध्याममानानां धातूनां हि यथा मालाः । तथोन्द्रियाणां दह्यान्ते दोषाः प्राणस्य निग्रहात् । અર્થાત્ જેવી રીતે અગ્નિમાં સોનું વગેરે ધાતુઓ ગાળવાથી તેમનો મેલ દૂર થાય છે તેવી જ રીતે પ્રાણાયામ કરવાથી શરીરની ઇન્દ્રિયોનો મળ દૂર થાય છે. પ્રાણાયામ પતંજલિએ દર્શાવેલ 'અષ્ટાંગયોગ'નું ચોથું અને અતિ મહત્ત્વનું અંગ છે. જો કોઇપણ યોગ પ્રાણાયામનો બહિષ્કાર કરે તો તે યોગ જ ન રહે. એટલા માટે જ પ્રાણાયામ 'યોગનો આત્મા' કહેવાય છે. જેવી રીતે શરીરની શુદ્ધિ માટે સ્નાનની જરૂર પડે છે તેવી જ રીતે મનની શુદ્ધિ માટે પ્રાણાયામની જરૂર પડે છે.

નિયમિત પ્રાણાયામ કરવાથી નીચે દર્શાવેલ ફાયદાઓ થાય છે.

૧. પ્રાણાયામથી દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે, સ્મરણ શક્તિ વધે છે અને માનસિક રોગો દૂર થાય છે.
૨. પ્રાણાયામથી શરીર સ્વસ્થ તથા નીરોગી રહે છે અને વધુ પડતી ચરબી હોય તો તે ઘટે છે.
૩. પ્રાણાયામથી પેટ, યકૃત, મૂત્રાશય નાનું તેમજ મોટું એ બે આંતરડાં અને પાચનતંત્ર સારી રીતે પ્રભાવિત થાય છે તથા કાર્યક્ષમ બને છે.
૪. પ્રાણાયામથી નાડીઓ શુદ્ધ થાય છે અને શરીરમાંની સુસ્તી દૂર થાય છે.
૫. પ્રાણાયામથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, શરીર તંદુરસ્ત બને છે અને અંતર્નાદ સંભળાવા માંડે છે.
૬. પ્રાણાયામના સતત અભ્યાસથી જ્ઞાનતંત્રને શક્તિ મળે છે, મનની ચંચળતા દૂર તાય છે અને મન એકાગ્ર થવા માંડે છે.
૭. પ્રાણાયામનો નિરંતર કરાતો અભ્યાસ આધ્યાત્મિક શક્તિ જગાડે છે. તે આત્મિક આનંદ, આત્મપ્રકાશ અને માનસિક શાન્તિ આપે છે.
૮. પ્રાણાયામ કરનાર સાધક બ્રહ્મચર્ય પાળના માટે તૈયાર થાય છે અને સાચા અર્થમાં બ્રહ્મચારી બને છે.

**પ્રાણાયામ માટે જરૂરી સૂચનોઃ-**

પ્રાણાયામનો અભ્યાસ અસરકારક અને સારી રીતે કરી શકાય તે માટે પ્રાણાયામ કરનાર સાધકે નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવું જોઇએઃ

૧. પ્રાણાયામ કરવા માટેનું સ્થાન એકાંતમાં અને સારી રીતે હવા આવતી-જતી હોય તેવું હોવું જોઇએ.
૨. પ્રાણાયામ કરવાનો સર્વશ્રેષ્ઠ સમય પ્રાતઃકાળ ગણાય છે, જો કોઇ કારણસર પ્રાતઃકાળ પ્રાણાયામ કરવાનું

શક્ય ન બને તો સાંજે પણ પ્રાણાયામ કરી શકાય છે.

૩. ઉત્તમ રીતે પ્રાણાયામ કરવા માટે નાડીઓ શુદ્ધ હોવી ખૂબ જરૂરી છે. તેથી જ કહેવામાં આવ્યું છે : नाडीशुद्धिं च तत्पश्चात प्राणायामं च साधयेत् । અર્થાત્ નાડી શુદ્ધિ કર્યા પછી પ્રાણાયામની સાધના કરવી. આ માટે પ્રથમ આસનોનો અભ્યાસ કરવો.

૪. પ્રાણાયામનો અભ્યાસ મોટા ભાગે પદ્માસન અથવા સિદ્ધાસનમાં બેસીને કરવાનો હોય છે. પણ જો આ આસનોમાં લાંબા સમય સુધી બેસવામાં મુશ્કેલી પડતી હોય તો સ્થિર બેસી શકાય તેવું કોઈપણ આસન પસંદ કરી શકાય છે.

૫. પ્રાણાયામ નક્કી કરેલા સમયે, નિયમિત અને ભૂખ્યા પેટે જ કરવો જોઈએ. અભ્યાસને અંતે દસ મિનિટ પછી એક નાનો કપ દૂધ લેવામાં આવે તો સારું રહેશે.

૬. થાક લાગે એટલો પ્રાણાયામ કદી ન કરો. પ્રાણાયામના અંતે શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ આવવાં જોઈએ.

૭. પ્રાણાયામ પછી તરત જ સ્નાન ન કરો. અડધો કલાક આરામ કર્યા પછી સ્નાન કરો.

૮. શ્વાસ હંમેશા બહુ જ ધીમેથી લેવો અને છોડવો, એમ પતંજલિએ કહ્યું છે, એમ કરવાથી મન સ્થિર અને શાંત થાય છે.

૯. નવા સાધકોએ પ્રારંભમાં થોડા દિવસ સુધી કેવળ પૂરક અને રેચકનો જ અભ્યાસ કરવો. પૂરક અને રેચકમાં અનુક્રમે એક અને બે માત્રાઓનો હિસાબ રાખવો. એટલે કે પૂરકમાં જેટલો સમય થાય તેથી બમણો સમય રેચકમાં થવો જોઈએ.

૧૦. કુંભકનો સમય ધીરેધીરે વધારો. પહેલાં સપ્તાહમાં માત્ર ચાર સેકંડ, બીજા સપ્તાહમાં આઠ સેકંડ અને ત્રીજા સપ્તાહમાં બાર સેકંડ સુધી શ્વાસ રોકવાનો અભ્યાસ કરો. આ રીતે વધારતાં વધારતાં પોતાની પૂરી શક્તિના પ્રમાણમાં આરામથી શ્વાસ રોકવાનો અભ્યાસ કરો.

૧૧. પૂરક (શ્વાસને અંદર લેવાની ક્રિયા), કુંભક (શ્વાસને રોકવાની ક્રિયા) અને રેચક (શ્વાસને બહાર કાઢવાની ક્રિયા)નો અભ્યાસ એવી ખૂબીથી કરો કે અભ્યાસની કોઈપણ અવસ્થામાં શ્વાસ ઘૂંટાવાનો અનુભવ ન થાય અથવા કોઈપણ જાતનું કષ્ટ માલૂમ ન પડે.

૧૨. પૂરક, કુંભક અને રેચક માટે ૧:૪:૨ નું પ્રમાણ જાળવો.

૧૩. શરૂઆતમાં થોડી ભૂલો થશે, પણ તેની ચિંતા કરવી નહિ. ખોટું ગભરાઈ જવું નહિ. અભ્યાસ મૂકી દેવો નહિ. ધીરે ધીરે પૂરક, કુંભક અને રેચકને કેવી રીતે મેળવવા તે આપોઆપ સમજાઈ જશે. સામાન્ય બુદ્ધિ, આંતરસૂઝ અને આત્માનો અવાજ સિદ્ધિનો માર્ગ બતાવસે.

૧૪. સૂર્યભેદન અને ઉજ્જયી પ્રાણાયામ શિયાળામાં જ કરવા જોઈએ. સીત્કારી, શીતલી ઉનાળામાં જ કરવા જોઈએ. ભસ્ત્રિકા પ્રાણાયામ બધી જ ઋતુઓમાં કરી શકાય છે.

૧૫. પ્રાણાયામ કરતી વખતે મન શાંત અને પ્રફુલ્લિત હોવું જોઈએ.

૧૬. નિયમિતતા અને ધીરજ સાથે પ્રાણાયામ અભ્યાસ કરવાથી તેનો સચોટ અને ચોક્કસ ફાયદો મળી શકે છે.

**પ્રાણાયામની વિધિઃ**

પ્રાણાયામ કરવા માટે નાકના ડાબા અને જમણા નાસિકાપુટ બંધ કરવાના હોય છે. મોટાભાગે જમણા હાથથી આ કામ કરવામાં આવે છે. એટલે જમણા હાથના અંગૂઠાનો ઉપયોગ જમણા નાસિકા પુટને બંધ કરવામાં અને અનામિકા તથા કનિષ્ઠિકા (અંગુઠાથી ક્રમશઃ ત્રીજી અને ચોથી આંગળી)નો ઉપયોગ ડાબા નાસિકાપુટને બંધ કરવામાં આવે છે. જ્યારે નાસિકાપુટોને પકડવાની જરૂર ન હોય ત્યારે બંને હાથ ઢીંચણ પર રાખો. શક્ય હોય ત્યાં સુધી પ્રાણાયામ કરવા માટે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન અને સુખાસનનો ઉપયોગ કરો.

**પ્રાણાયામના પ્રકારોઃ**

પ્રાણાયામના ઘણા પ્રકારો છે. પરંતુ યોગશાસ્ત્રમાં નીચે દર્શાવેલ આઠ પ્રકારોને મુખ્ય ગણવામાં આવ્યા છેઃ

(૧) સૂર્યભેદન, (૨) ઉજ્જયી (૩) સીત્કારી, (૪) શીતલી, (૫) ભસ્ત્રિકા (૬) ભ્રામરી, (૭) મૂર્છા અને (૮) પ્લાવિની.

અંતે એમ કહી શકાય કે પ્રાણાયામ દ્વારા ફેફસાનું યોગ્ય રીતે પ્રસારણ અને સંકુચન કરી શકાય છે. તેથી ફેફસાને વધારે પ્રાણવાયુ મળે છે. શરીર નીરોગી બને છે અને મન પ્રફુલિત રહે છે. એટલા માટે દરેક યોગાભ્યાસીને પ્રાણાયામનું જ્ઞાન હોય એ અત્યંત આવશ્યક છે.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫, મોઃ ૯૮૯૮૮૭૦૮૪૦)

## ॥ વિદ્યાવૃત્ત ॥

### કૉલેજવૃત્ત

**બાયોટેકનોલોજી ફિનીશીંગ સ્કૂલ તરીકે એન.વી. પટેલ સાયન્સ કોલેજ (એનવીપાસ) ની પસંદગી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝની ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના એકમ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ) ગાંધીનગર દ્વારા બાયોટેકનોલોજી ફિનીશીંગ સ્કૂલ તરીકે પસંદગી કરવામાં આવી છે.

બાયોટેક્રોલોજી તથા તેને સંલગ્ન વિષયોની ઉદ્યોગ જગતમાં સતત વધી રહેલી માંગને ધ્યાનમાં રાખીને આ વિષયોમાં સ્નાતક કક્ષાનો અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી ઉદ્યોગ ક્ષેત્રે રોજગારની વિવિધ તકો મળી રહે તથા રેડી ટુ વર્ક માનવ-સંસાધન ઉદ્યોગોને સરળતાથી મળી રહે તે હેતુથી આ ફિનીશીંગ સ્કૂલની સંસ્થા તરફથી થયેલ દરખાસ્ત માન્ય રાખીને રૂા. ૫૪ લાખની ગ્રાંટ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડેલને આધારે મંજૂર કરવામાં આવી છે. જે પ્રથમ વાર ગુજરાતમાં કોઈ કોલેજ સાથે કરવામાં આવે છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત થિયરી અને પ્રેક્ટીકલ મોડ્યુલ મારફતે પાંચ વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવાનું સુવ્યવસ્થિત માળખું એન.વી.પાસ કોલેજ તથા જીએસબીટીએમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં બાયોટેકનોલોજી ઉદ્યોગને લગતા વિવિધ પાસાંઓ જેવાં કે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, પ્રોસેસ ડેવલપમેન્ટ, ક્વોલિટી કંટ્રોલ, મેન્યુફેકચરીંગ એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ ઉપરાંત એન્ટરપ્રેનોરશીપને લગતાં વિવિધ પાસાંઓને આવરી લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૧ વર્ષથી બાયોટેકનોલોજીના શિક્ષણમાં સંસ્થાનું ગુણવત્તાસભર યોગદાન તથા બહોળા અનુભવને ધ્યાનમાં રાખીને સંસ્થાની આ ફિનીશીંગ સ્કૂલ તરીકે પસંદગી કરવામાં આવી છે.

એનવીપાસ કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીના માર્ગદર્શન હેઠળ, બાયોટેકનોલોજી, જીનેટીક્સ અને બાયોઇન્ફોર્મેટીક્સ વિભાગના અધ્યક્ષા ડૉ. મધુમતિ બોરા તથા પ્રાધ્યાપિકા ડૉ. અંજલી કુલકર્ણી દ્વારા તૈયાર કરેલ આ ફિનીશીંગ સ્કૂલની દરખાસ્તને મંજૂરી મળવાથી ચારુતર વિદ્યામંડળ સંચાલિત એનવીપાસ કોલેજે બાયોટેકનોલોજી ક્ષેત્રે એક મોટી હરણફાળ ભરી છે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેરશ્રી ભીખુભાઇ પટેલ, ઉપપ્રમુખશ્રી મનિષભાઇ પટેલ, મંત્રીશ્રી એસ.જી. પટેલ, જોઇન્ટ સેક્રેટરીશ્રી મેહુલભાઇ પટેલ તથા ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરીએ સંસ્થાની આ સિદ્ધિને બિરદાવી હતી તથા સીવીએમ તરફથી સંપૂર્ણ સહયોગની ખાત્રી આપી હતી.

**એનવીપાસ કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના એનએસએસ યુનિટ તથા એ. ડી. ગોરવાલા બ્લડ બેંક, કરમસદના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ત્યાંસી (૮૩) યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

**એનવીપાસ કોલેજ દ્વારા અભિમુખતા કાર્યક્રમનું આયોજન**

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના એનએસએસ યુનિટ તથા મધ્યસ્થ સમિતિના સંયુક્ત ઉપક્રમે કોલેજના પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓ માટે 'પરંપરા' શીર્ષક હેઠળ અભિમુખતા કાર્યક્રમ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના સભાખંડમાં યોજાયો હતો. જેમાં ચારૂતર વિદ્યામંડળના સેક્રેટરી શ્રી ડૉ. એસ. જી. પટેલ, સ. પ. યુનિવર્સિટીના એનએસએસ વિભાગના કૉ-ઓર્ડિનેટર ડૉ. જાગૃતિબેન સુવેરા, આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી, ચારૂતર વિદ્યામંડળના નોન-એકેડેમિક ફોરમના કૉ-ઓર્ડિનેટર ડૉ. યોગેશ પટેલ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ પ્રા. શ્રેયા શાહ, વિદ્યાર્થી પ્રતિનિધિ દર્શિત શાહ, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. કાર્તિક જગતાપ, પ્રા. મયુર પટેલ અને સહઅધ્યાપકગણની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને એનએસએસ અને વુમન ડેવલપમેન્ટ સેલ ઉપરાંત મધ્યસ્થ સમિતિના અન્ય વિભાગો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓ, વર્તમાન પરીક્ષા

તથા મૂલ્યાંકન પધ્ધતિ વગેરે વિષે માહિતગાર કરાયા હતા.

**એનવીપાસ કોલેજના એનએસએસ યુનિટે રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. યોગેશ પટેલ, પ્રા. મયુર પટેલ, આઈક્યુએસિ કૉ-ઓર્ડિનેટર ડૉ. રીટા કુમાર, સહઅધ્યાપકો ડૉ. તેજસ ઠક્કર, ડૉ. ધનંજય ધ્રુવ તથા ત્રીસ એનએસએસ સ્વયંસેવકોએ તાઃ૮-૮-૧૮ અને ૧૧-૮-૧૮ દરમ્યાન રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી હતી તથા સંસદ, રાજસભા, લોકસભાની કામગીરીને પ્રત્યક્ષ નિહાળી હતી. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને સંસદીય કાર્યવાહીનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો હતો. તદુપરાંત કોલેજની ટીમે ગુજરાતના સાંસદો અને કેબિનેટ મંત્રીઓની મુલાકાત પણ કરી હતી. આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ એનએસએસ યુનિટની આ સિદ્ધિને બિરદાવી હતી.

**સેમકોમ કોલેજ ખાતે રક્તદાન શિબિરનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તા. ૦૪ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી પાઠવવા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર, રેડક્રોસ સોસાયટી આમંદ સહયોગથી યોજવામાં આવેલું હતું. આ રક્તદાન શિબિરનો હેતુ વિદ્યાર્થીઓમાં રક્તદાનનું મહત્ત્વ સમજાવવાનો હતો. કુદરતી હોનારતના સંજોગોમાં લોહીની જરૂરિયાતને ધ્યાને લેતા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ તેમજ પ્રાધ્યાપકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ૮૭ યુનિટ લોહી એકત્રિત કરવામાં આવ્યું હતું.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, કો-ઓર્ડિનેટર પ્રા. ભૂપેન્દ્રભાઇ પટેલ તથા પ્રા. જેનિતા પટેલના સહિયારા પ્રયાસથી આ કેમ્પ સફળ રહ્યો હતો.

**સેમકોમ કોલેજનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ દ્વારા આયોજીત મોન્સુન સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ૨૦૧૮-૧૯ની પ્રથમ બેડમિન્ટન ભાઇઓ-બહેનોની સ્પર્ધા તા. ૩૦ જૂન ૨૦૧૮ અને ૧ જુલાઇ ૨૦૧૮ના રોજ યોજાઇ હતી. આ સ્પર્ધામાં ચારુતર વિદ્યામંડળની ૧૫ કોલેજોએ બહેનોની સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં બહેનોની સ્પર્ધામાં સેમકોમ કોલેજ ચેમ્પિયન બની હતી. તેમજ ભાઇઓની સ્પર્ધામાં ચારુતર વિદ્યામંડળની ૧૪ કોલેજોએ ભાગ લીધો હતો જેમાં સેમકોમ કોલેજ ભાઇઓની ટીમ રનર્સઅપ બની હતી.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે,સ્પોટ્ર્સ કો-ઓર્ડિનેટર ડૉ. ભરત તારપરા અને શ્રી જગદીશ સુથારના અથાગ પ્રયત્નોથી આ સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી. સેમકોમ કોલેજે આ સિદ્ધિ બદલ બન્ને ટીમોને અભિનંદન આપ્યા હતા.

**ઇન્ટરકોલેજ વોલીબોલ ટુર્નામેન્ટમાં સેમકોમ કોલેજની બહેનોની ટીમ ચેમ્પિયન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં બહેનોની ટીમ ચમ્પિયન થઇ હતી.

આ ટુર્નામેન્ટમાં સેમકોમ સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન થવા પામી છે. આ ટુર્નામેન્ટમાં બહેનોમાં કુલ ૧૩ ટીમો હતી. આ સ્પર્ધામાં લીગ મેચ ચાર કોલેજો વચ્ચે યોજાઇ હતી, જેમાં સેમકોમ કોલેજની બહેનોએ સુંદર દેખાવ કરી ઇન્ટર કોલેજ વોલીબોલ ટુર્નામેન્ટ ચેમ્પિયન ટ્રોફી જીતી હતી.

આચાર્યશ્રી ડૉ. વહીદા થોમસ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, સ્પોટ્ર્સ કો-ઓર્ડિનેટર ડૉ. ભરત તારપરા તથા જગદીશભાઇ સુથારના માર્ગદર્શન હેઠળ કોલેજની ખેલાડી બહેનોએ સુંદર દેખાવ કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

**સેમકોમ કોલેજ ખાતે એન.એસ.એસ.નો અભિમુખતા કાર્યક્રમ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ ખાતે સેમકોમ કોલેજની એન.એસ.એસ. પાંખ અંતર્ગત અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરકે વિદ્યાનગર નેચર ક્લબના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ધવલ પટેલે હાજરી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને પોતાના જીવનના અનુભવો અને દાખલાઓ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના કન્વિનર ડૉ. જાગૃતિ સુવેરાએ અતિથિ વિશેષ તરીકે આ કાર્યક્રમ સંબોધ્યો હતો. તેઓએ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓમાં સક્રિય રહેવા જણાવ્યું હતું.

આચાર્ય ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, કો-ઓર્ડિનેટર પ્રા. જેનિતા પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**આઈસ્ટાર કોલેજમાં કેમ્પસ પ્લેસમેન્ટનું સફળ આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ છેલ્લાં ૧૯ વર્ષથી વિવિધ પ્રકારનાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો ચલાવે છે. જેમાં એમ.એસસી. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, સરફેઇસ કોટીંગ ટેકનોલોજી, ઓરગેનિક કેમેસ્ટ્રી, પોલીમર સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઈન્ડસ્ટ્રિયલ હાઈઝીન એન્ડ સેફટી, વેલ્યુએશન (રીયલ એસ્ટેટ), વેલ્યુએશન (પ્લાન્ટ એન્ડ મશીનરી), ઈન્સ્ટુમેન્ટેશન એન્ડ કંટ્રોલ, જીઓઈન્ફોર્મેટીક્સ, અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવાં મહત્ત્વનાં પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાનાં અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. આઈસ્ટાર કોલેજ ૧૯૯૯થી વિદ્યાર્થીઓનાં કેમ્પસ પ્લેસમેન્ટ માટે મોખરે રહેલી છે. જેમાં વિદ્યાર્થીઓને જમાનાને અનુરૂપ એવી ઈન્ડસ્ટ્રીઝ, ઓર્ગેનાઈઝેશન, કંપનીઓ તેમજ સંશોધન ક્ષેત્રે નોકરીની વિશાળ તકો પૂરી પાડે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં આઈસ્ટાર કોલેજમાં કેમિકલ સાયન્સીસ અને ઈન્ડસ્ટ્રીયલ હાઈઝીન એન્ડ સેફ્ટીનાં અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ ૧૦૦ ટકા થયું છે. જયારે અન્ય અભ્યાસક્રમોમાં ૮૦ થી ૯૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી તેમજ રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે. સંસ્થાની આ અદ્‌ભૂત સિદ્ધિને ચારુતર વિદ્યામંડળના વાઈસ પ્રેસીડન્ટ શ્રી મનીષભાઈ પટેલે બિરદાવી હતી. તેમજ કેમ્પસ પ્લેસમેન્ટની જ્વલંત સફળતા માટે ચારુતર વિદ્યાંડળના અધ્યક્ષશ્રી માનનીય ભીખુભાઈ પટેલ સાહેબે સંસ્થાનાં પ્રિન્સિપાલશ્રી પ્રોફેસર નિર્મલકુમાર અને સૌ ફેકલ્ટીને અભિનંદન પાઠવ્યાં હતાં.

**આઈસ્ટારમાં સેફટી મેનેજમેન્ટ વિષય પર વ્યાખ્યાન યોજાયુંઃ-**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ અને તાજેતરમાં સેફ્ટી મેનેજમેન્ટ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં પર્યાવરણ વિભાગનાં અને ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન વિભાગનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વડોદરા સ્થિત આઈ.પી. એલ.કંપનીના પ્રો. વ્યાસે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં સલામતી વ્યવસ્થા, દુર્ઘટનાનાં કારણો તેમજ ઔદ્યોગિકીકરણની વધતી જતી વ્યવસ્થાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સંસ્થાનાં પ્રિન્સિપાલશ્રી પ્રો. ડૉ. નિર્મલકુમારે સૌને શુભેચ્છા વ્યક્ત કરી હતી.

**આઈસ્ટાર કોલેજ ખાતે એક્ષ્પર્ટ ટોકનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્સ્ટ્રક્ટર કંટ્રોલ (આઈએનસી) વિભાગ દ્વારા એમ.એસસી., બી.એસસી.ના વિદ્યાર્થીઓ માટે એક્ષપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન આપવા માટે મ.સ. યુનિવર્સિટીના શ્રી સંજીવ ગુપ્તા કે જેઓ ઈલેક્ટ્રોનિક વિભાગમાં એસોસીયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. લિનિયર કંટ્રોલ સીસ્ટમ્સ એન્ડ ઈટ્સ એપ્લીકેશન ઉપર અનુભવપૂર્વક માહિતી આપી હતી.

**એડીઆઈટી કૉલેજ ખાતે GEDA – Energy Conservation Awareness Workshop યોજાયો**

તા. ૨૫/૭/૨૦૧૮ ના રોજ એક દિવસીય ઊર્જા સંરક્ષણ જાગૃતિ વર્કશોપનું એ. ડી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, (એડીઆઈટી), કરમસદ ખાતે ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (જેડા), ગાંધીનગર દ્વારા ઊર્જા કન્સલ્ટન્ટ્સ – SPE (સોસાઈટી ઓફ પાવર એન્જિનીયર્સ ) વડોદરા દ્વારા સંચાલિત ધોરણસરના કાર્યક્રમો મુજબ ટેકનિકલ સત્રોનું સંચાલન કરવામાં આવ્યું. ઊર્જા સંરક્ષણની જરૂર, સિસ્ટમ્સ એપ્રોચ એન્ડ એનર્જી ઓડિટ, પ્રકાશ અને અન્ય ઔદ્યોગિક ઉપયોગિતામાં ઊર્જા સંરક્ષણ તકો, એનર્જી કન્ઝર્વેશન એક્ટ - પીએટી યોજના, બીઈઈ સ્ટાર લેબલીંગ, ઈસીબીસી, એનસીઈ, નવીનીકરણીય ઉર્જાસ્ત્રોતો અને કાર્યક્રમો વગેરે જ્ઞાન આપવામાં આવ્યું.

કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ

લીધો, ટેકનિકલ સેશન્સ ખૂબ જ રસપ્રદ હતા, અને તેઓ નિષ્ણાત સ્પીકર્સ સાથે સક્રિયપણે સંપર્કમાં આવ્યાં. આ વર્કશોપ દરમિયાન આવરી લેવામાં આવેલા વિષયો કોલેજના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ છે અને તેથી તે સહભાગીઓમાં ઘણી જિજ્ઞાસા પેદા કરે છે. આ જ્ઞાન આપવામાં આવ્યું અને વર્કશોપ દરમિયાન નિષ્ણાત દ્વારા શેર કરેલી માહિતી, તેમના વ્યાવસાયિક કારકિર્દીમાં વિદ્યાર્થીઓ માટે મૂલ્યવાન અને ઉપયોગી હશે.

વિશ્વની ઊર્જા અને પર્યાવરણ પરિદૃશ્યની અસર દરેક રાષ્ટ્રને અસર કરે છે અને આ પૃથ્વી પરના દરેક જીવને અસર કરે છે. તેથી દરેક વ્યક્તિને પરિસ્થિતિના ગુણદોષ વિશે શિક્ષિત કરવું જરૂરી છે, જેથી તેઓ આબોહવામાં પરિવર્તનના જોખમો ઘટાડવા માટે તેમનું યોગદાન કરી શકે. વિદ્યાર્થીઓ માટે આવા અદ્‌ભુત કાર્યક્રમનું આયોજન કરવા માટે અમે GEDAના આ રચનાત્મક પહેલ અને નાણાંકીય સમર્થનને સ્વીકારે છે. પ્રોફેસર પરેશ મોઢા, અને પ્રોફેસર અભિષેક પાન્ડે દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

**એરીબાસ કોલેજમાં એન્ડોક્રિનોલોજી અને મહિલા આરોગ્યલક્ષી બાબતો અંગે વક્તવ્ય યોજાયું**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંટીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઈડ સાયન્સ (એરીબાસ) કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે એન્ડોક્રિનોલોજી અને મહિલા આરોગ્યલક્ષી બાબતો અંગે વ્યક્તવ્ય યોજવામાં આવ્યું હતું. જેમાં ન્યુ વિદ્યાનગરમાં આવેલી જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીસ એન્ડ રિસર્ચ, ડિપાર્ટમેન્ટ ઓફ પ્રસૂતિતંત્ર એન્ડ સ્ત્રી રોગ વિભાગનાં પ્રોફેસર એન્ડ હેડ ડૉ. જસમીન ગુજરાતી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને મહિલાઓને લગતા આરોગ્યલક્ષી બાબતોનાં રોગો અને તે અંગેની સારવાર તેમજ અગમચેતીનાં પગલાં વિશેની સમજ આપી હતી. વક્તવ્ય બાદ વિદ્યાર્થિનીઓને મૂંઝવતા પ્રશ્નો અને તેનાં ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ વક્તવ્ય અંગેનું માર્ગદર્શન ઈન્ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈનાં નેતૃત્વ હેઠળ વુમન સેલનાં કન્વિનર ડૉ. રીતુ દિક્ષીત અને એન.એસ.એસ. પ્રોગ્રામ કન્વિનર ડૉ. કિન્નરીબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**એરીબાસ કોલેજમાં એલ્યુમીની કાર્યક્રમ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંટીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઈડ સાયન્સ (એરીબાસ) કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. જેમાં એમ.એસસી. (ઈંટીગ્રેટેડ) બાયોટેકનોલોજી, માઈક્રોબાયોલોજી, જીનેટિક્સ, બાયોટેક્રોલોજી, ફોરેન્સિક સાયન્સ અને ફાર્માસ્યૂટિકલ કેમિસ્ટ્રિનાં વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અલગ અલગ જગ્યા પર ફરજ બજાવે છે તે સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને એરીબાસ કૉલેજમાં બોલાવ્યા હતાં અને તેમને સંસ્થાના ઈન્ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ અને આઈક્યુએસીનાં કન્વિનર ડૉ. શિલ્પા ગુપ્તે મેડમે શુભેચ્છાઓ આપીને બિરદાવ્યા હતા. હાજર રહેલાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અત્યારે ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પોતાનાં અભ્યાસકાળ દરમ્યાનનાં અનુભવો જણાવ્યા હતા અને પોતાનાં વ્યક્તવ્યમાં કહ્યું હતું કે અત્યારે બાયોટેકનોલોજીનું મહત્ત્વ સવિશેષ જોવા મળે છે. બાયોટેકનોલોજી ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં જોબની તકો રહેલી છે. તો આપ સર્વે આપનું ભવિષ્ય ઉજળું બનાવો, તેવાં પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં.

એલ્યુમીની એસોશિએશનના કન્વીનર ડૉ. મુકુંદચંદ્ર ઠાકુરે આ પ્રસંગે સર્વે વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ સાધી શૈક્ષણિક કારકિર્દીમાં સફળ બને તે માટે તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ડૉ. સ્વાતિ નારોલકર, ડૉ. સુનિલ ખ્રિષ્ટી અને પ્રિતેશભાઈ પટેલે કાર્યક્રમને સફળતા તરફ લઈ જવામાં મદદરૂપ બન્યાં હતાં.

**રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ર.મા. દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ વિદ્યાનગર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો એ ઉત્સાહપણે ભાગ લીધો. કોલેજના ઇ.આચાર્ય શ્રી ડૉ. મહેશ ખ્રિસ્તીએ જણાવ્યું કે આપણે

દેશ માટે કંઈકને કંઈક યોગદાન આપવું જોઈએ. આપણને જે પણ જવાબદારી આપવામાં આવી હોય તેને નિષ્ઠાપૂર્વક પ્રામાણિકપણે બજાવીએ તો એ દેશસેવા જ છે. સરહદ પર જવાનો દેશ માટે લોહી વહેવડાવતા હોય તો આપણે સાચી મહેનતનો પરસેવો કેમના વહેવડાવીએ? સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક શ્રી જીગરભાઈ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું.

**ર.મા. મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સમાં સત્યનારાયણની કથા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ર.મા. દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ વિદ્યાનગર સંગીત સાધનાનું ધામ છે. અહીં વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન માટે સઘન પ્રયત્નો થાય છે. આ વર્ષે કોલેજમાં સત્રના પ્રારંભમાં સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું જેમાં કોલેજના જનરલ સેક્રેટરી જક્ષીત તથા એલ.આર. કુમારી વ્રજના તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ જેહમત ઉપાડી હતી. કોલેજના ઇ.આચાર્ય શ્રી ડૉ. મહેશ ખ્રિસ્તીએ જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોના મહત્ત્વ વિશે જણાવ્યું હતું કે સંગીત સાધનામાં નાદબ્રહ્મની ઉપાસનાની ખૂબ જ મહત્તા છે. સમગ્ર પ્રાધ્યાપકગણ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથાનું સંચાલન શ્રી રાજેશભાઈ રાવલ તથા હસમુખભાઈ દ્વારા કરવામાં આવ્યું.

**ઘુંટેલી ખાતે નલિની-આટ્ર્સ કૉલેજનો ઉન્નત ભારત અભિયાન યોજાયો**

ઘુંટેલી ખાતે નલિની આટર્સ કોલેજનો ઉન્નત ભારત અભિયાનનો ઉદઘાટનસમારોંહ યોજાયો વલ્લભ વિદ્યાનગર સ્થિત ચાટુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આટર્સ કોલેજની ભારત સરકારના માનવસંસાઘન મંત્રાલય દવારા નિયોજિત 'ઉન્નત ભારત અભિપાન' પસંદગી થવા પામી છે. આ યોજના અંતર્ગત ગુજરાતની ૧૨ નોનટૅકનીકલ શૈક્ષણિક સંસ્થાઓની પસંદગી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓએ જિલ્લાના પાંચ ગામ પસંદ કરી ગ્રામ વિકાસની સરકારી કામગીરીમાં લોકો અને સરકાર વચ્ચે મઘ્યસ્થિ તરીકે ભૂમિકા ભજવવાની હોય છે. નલિની કોલેજે આણંદ તાલુકાના જૉર, પેટલાદ તાલુકાના ઘંટેલી, રાવલી, બામરોલી તથા મહુડીયાપુરની પસંદગી કરી છે. ધુંટેલી ખાતે પ્રાથમિક શાળાના પ્રાર્થના ખંડમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રીભીખુભાઈ પટેલની અધ્યક્ષતામાં તથા મુખ્ય મહેમાન તરીકે આણંદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અમિત પ્રકાશ યાદવ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ધુંટેલી પ્રાથમિક શાળાની બાળાઑએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂકર્યુ હતું. નલિની કોલેજના આચાર્ય ડો.ઘનશ્પામસિંહ ગઢવીએ મહેમાનોનું સ્વાગત કરી મહેમાનોનો પરિચય આખો હતો. ઉન્નત ભારત અભિયાનના નોડલ ઓફિસર ડો.નીલેશ બારોટે ઉન્નત ભારત અભિયાનનો પરિચય આપ્યો હતો.

અતિથિ વિશેષ જિલ્લા વિકાસ અધિકારી અમિત પ્રકાશ યાદવજી એ તેઓના પ્રવચનમાં નલિની કોલેજને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ભારત સરકારના વિવિધ વિભાગો અનેક લોક કલ્યાણની યોજનાઓ ચલાવતા હોય છે પરંતુ આ માહિતી લોકો સુધી પહોંચતી નથી ઉન્નત ભારત દ્વારા આ માહિતી હવે લોકોને સરળતાથી પ્રાપ્ત થશે અને શૈક્ષણિક સંસ્થાના સહયોગથી ગ્રામ વિકાસ ઝડપી બનશે. મને આશા છે કે આ પાંચ ગામના અગ્રણીઓ તથા સરકારી કર્મચારીઓ આ ભગીરથ કાર્યમાં મદદરૂપ થશે. અમે સરકાર કક્ષાએ તમામ સહાયતા કરવા તૈયાર છીએ.

અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમારી કોલેજની આ યોજના માટે પસંદગી થઈ તે આનંદની વાત છે પ્રિન્સીપાલ અને કર્મચારીઓ તેના માટે અભિનંદનના અધિકારી છે. આ યોજનાની કામગીરી સારી રીતે થાય તે માટે ચારુતર વિદ્યામંડળ હંમેશા તેઓની સાથે છે. મંડળ કક્ષાએથી કોઈપણ જરૂરીયાત હોય તો મંડળ હંમેશા મદદ માટે તૈયાર છે.

આ કાર્યક્રમમાં પેટલાદ તાલુકાના વિકાસ અધિકારીશ્રી, રાવલી, બામરોલી, મહુડીયાપુરા તથા જોળના સરપંચશ્રીઑ, ગ્રામ પંચાયતના સદરયશ્રીઓ, તલાટી મંત્રીશ્રીઑ ધુંટેલી ગામના સરપંચશ્રી ચકૅરણભાઈ પ્રજાપતિ, મહેંશભાઈ રાવજીભાઈ પટેલ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા અને કાર્યક્રમને સફળ બનાવવામાં મદદરૂપ થયા હતા. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ ડૉ.બી.એમ. ગજેરાએ કરી હતી.

શાળાવૃત્ત

**ગો. જો. શારદા મંદિરમાં બેટી પઢાઓ વિષય પર પેનલ ડિસ્કશનની અનોખી રીતે વાલી સંમેલન યોજાયું.**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગર રોટરી ક્લબ આણંદ રાઉન્ડ ટાઉન અને ઈનરવ્હીલ કલબ આણંદ રાઉન્ડ ટાઉનના ઉપક્રમે "ઉડાનઃ ભણતરની પાંખે ગણતરની સંગાથે" વિષય પર પેનલ ડીસ્કશન દ્વારા નવતર પ્રયોગ દ્વારા વાલી સંમેલન યોજાયું .

'બેટી પઢાઓ'ના સૂત્રનો સંદેશ આપતા આ વાલી સંમેલનમાં ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જી. ભીખુભાઈ સાહેબ, માનદ મંત્રી ડૉ. એસ.જી. પટેલ, રોટરી કલબના પ્રમુખ ડૉ ઉમાબેન પટેલ, ઈનરવ્હીલ કલબના પ્રમુખ નિશાબેન ગાલા, પ્રોજેક્ટ ચેરમેન રો. ગૌતમભાઈ મહેતા, શ્રીમતી જાગૃતિ શેઠ અને રોટરેકટ કલબના પ્રમુખ દીપ શાહે હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિતોનું સ્વાગત ગો. જો. શારદા મંદિરના આચાર્યા રીટાબેન પટેલે કરી કાર્યક્રમનો હેતુ જણાવ્યો હતો.

વાલીસંમેલનમાં નવતર પ્રયોગરૂપે સંઘર્ષ સાથે હાથ મિલાવીને પોતાની ઓળખ મેળવનાર વિવિધ ક્ષેત્રની મહિલાઓને એક મંચ પર આમંત્રિત કરી હતી. જેમાં આણંદ ડી.વાય.એસ.પી સુશ્રી કોમલ વ્યાસ, ખેડા જિલ્લા સહકારી મંડળીના રજિસ્ટ્રાર સુશ્રી રીનાબેન પટેલ, વાલ્મીકી પ્રાથમિક શાળાના જાણીતા શિક્ષિકા શ્રીમતી રતનબેન પરમાર તથા '૧૮૧ અભયમ' યોજનાના કાઉન્સેલર સુશ્રી શબનમ ખલીફાની વિશેષ ઉપસ્થિતિ હતી. આ સફળ મહિલાઓને પેનલ ઈન્ટરવ્યુ દ્વારા જાણીતા મનોવૈજ્ઞાનિક અને લેખિકા મેઘા જોશીએ રૂબરૂ કરાવી હતી.

પેનલ ઈન્ટરવ્યુમાં ડી.વાય.એસ.પી કોમલબેને જણાવ્યું હતુ કે તેમને નાનપણમાં સામાન્ય માણસની જેમ અંધારાનો ડર હતો. દઢમનોબળ, ધ્યેયપ્રાપ્તિનો દઢ નિર્ધાર, પરિવારનો સાથ અને પ્રોત્સાહનને કારણે એક સામાન્ય દીકરીથી અંગ્રેજી લિટરેચરના શિક્ષિકા થી ડી.વાય.એસ.પી સુધીની સફર કરી શકી.

રજિસ્ટ્રાર રીનાબેને સફળતા અને નિષ્ફળતા વચ્ચે પાતળી ભેદરેખા છે. અને દઢમનોબળથી નિષ્ફળતાને સફળતામાં ફેરવી શકાય તેમ જણાવ્યું હતું.

શિક્ષિકા રતનબેને ભણવા માટે આર્થિક નબળી પરિસ્થિતિ અવરોધરૂપ નથી પણ તે માટે તમારી શકિતઓને ઓળખવી જરૂરી છે અને ઊંચા સ્વપ્ન જોવા જરૂરી છે તેમ જણાવ્યું હતું. શબનમબેને કાઉન્સેલર તરીકે અનુભવ્યું કે જ્યાં ઓછું ભણતર છે ત્યાં ઘરેલું હિંસા કે ત્રાસના પ્રશ્નો છે. તેમાંથી બહાર નીકળવા આત્મગૌરવથી જીવવા ભણતર મહત્ત્વનું છે.

કાર્યક્રમના અંતે કાર્યક્રમના પ્રમુખશ્રી ભીખુભાઈ પટેલે વાલીઓને દીકરીને ઉચ્ચશિક્ષણ આપવા વાલીને આહવાન કર્યું હતું. માનદ મંત્રી ડૉ.એસ.જી.પટેલ સાહેબે આ નવતર પ્રયોગ માટે શુભેચ્છા પાઠવી હતી અને વાલીઓને આજ સંદેશ ગાંઠે બાંધવા જણાવ્યું.

વાલીસંમેલનમાં ૫૦૦ જેટલા વાલીઓ તથા જુદીજુદી શાળાઓમાંથી એસ.એમ.સી સભ્યો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યકમનું સંચાલન શિક્ષક શ્રી મહેન્દ્ર શર્માએ કર્યું હતું. કાર્યકમના અંતે આભારવિધિ રોટરી કલબ આણંદ રાઉન્ડ ટાઉનના પ્રમુખ ઉમાબેને કરી હતી.

**સી.વી.એમ. હોમસાયન્સમાં લોકમાન્ય તિલકના નિર્વાણ દિન નિમિત્તે વ્યાખ્યાન યોજાયું**

ચારતુર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સ શાળામાં તા. ૦૧-૮-૨૦૧૮ના રોજ શહીદ સ્મૃતિ ચેતના કેન્દ્ર દ્વારા લોકમાન્ય તિલકના નિર્વાણ દિન નિમિત્તે આચાર્યા મેડમ શ્રીમતી સુચિતાબેનના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રકક્ષાનું આયોજન થયું હતું. જેમાં રાષ્ટ્રધર્મ પ્રચારક શ્રી ધર્મેન્દ્રભાઇ પાઠક સાહેબે લોકમાન્ય તિલકના જીવનચરિત્રની સાથે સમાજસેવા અને મૂલ્યશિક્ષણની રજૂઆત પોતાની આગવી શૈલીમાં કરી હતી. તેમણે વ્યાખ્યાનમાં શૌર્યગીતોનું ગાન પણ કર્યું હતું. વિદ્યાર્થિનીઓ માટે આ વ્યાખ્યાન પ્રેરણાદાયક અને યાદગાર બની રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી વિનોદભાઇ પરમાર સાહેબે કરી હતી.

**સીવીએમ હોમસાયન્સમાં કાવ્યગાન સ્પર્ધા યોજાઇ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સમાં આચાર્યા શ્રીમતી સુચિતાબેનના માર્ગદર્શન હેઠળ તા. ૯-૮-૨૦૧૮ના રોજ કાવ્યગાન સ્પર્ધા યોજાઇ ગઇ.

જેમાં ધોરણ ૧૧-૧૨ની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ કાવ્યગાન કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે પરમાર મિનાક્ષી રમેશભાઇ, દ્વિતીય નંબરે જોષી તુલસી રાજીવકુમાર તથા આશ્વાસન ઇનામના

વિજેતારૂપે પઠાણ નાજીમા સાજીદખાન અને પટેલ પિના રાજેશકુમાર આવ્યા હતા. શાળાના સિનિયર શિક્ષક શ્રી નરેશભાઇ પટેલ તથા શિક્ષિકા શ્રીમતી નયનાબેન શર્માએ આ સ્પર્ધાનાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી વિનોદભાઇ પરમાર સાહેબે કરી હતી.

ચા.વિ.મંડળ સંચાલિત હોમ-સાયન્સ પ્રવાહ દ્વારા ૭૨મા સ્વતંત્ર દિનની ઉજવણી પર શાળાના આચાર્ય શ્રીમતી સુચિતા ખરાદિના નેતૃત્વ હેઠળ ધોરણ ૧૧ તથા ૧૨ ની વિદ્યાર્થિનીઓ માટે તારીખ ૧૪/૦૮/૨૦૧૮ ના રોજ દેશ-ભક્તિ ગીત સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું. કુલ ૨૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. ધોરણ ૧૨સી.ડી. નાં કુમારી લીલા હરિજને પ્રથમ સ્થાન, ૧૧ સી.ટી.નાં કુમારી ગોહેલ શેલજા દ્વિતીય તથા ૧૨ એફ.પી.નાં કુમારી તુલસી જોષીએ ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. શાળાનાં સુપરવાઇઝર શ્રી નરેશભાઇ પટેલ તથા શાળાના શિક્ષક શ્રી વિનોદભાઇ પરમારે નિર્ણાયકની સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રીમતી ડોલી મોહે, ફાઇન-આર્ટ્સ સેક્રેટરી જોષી તુલસી અને જનરલ સેક્રેટરી પટેલ રિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**દેશભક્તિ ગીતગાન સ્પર્ધા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઇસ્કૂલમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી શંકરભાઇ પારઘીના માર્ગદર્શન હેઠલ શિક્ષિકા ધર્મનિષ્ઠા ધારિયા તથા શ્રીમતી ઇન્દિરાબેન પટેલ દ્વારા દેશભક્તિ ગીતગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હરેશભાઇ છાણી ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં વિદ્યાર્થીઓને સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવ્યું હતું. શાળામાં યોજાયેલ આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ પોતાની રજૂઆતોથી સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગી નાખ્યું હતું. આ સ્પર્ધામાં ગૌરાંગ રાઠોડ પ્રથમ, પ્રેમ હરિજન અને દીપ તડવી દ્વિતીય, ઓમ કોરિયા તૃતીય તથા ધોરણ-૧૦માં નિર્મલ પારેખ નિશા પાસવાન દ્વિતીય તથા કેતન તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શિક્ષકશ્રી હંસ ધામેચા તથા શ્રીમતી મિત્તલબેને કામગીરી બજાવી હતી. કાર્યક્રમના અંતે શિક્ષકશ્રી ડાહ્યાભાઇ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં એન.એસ.એસ.અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં કાર્યરત એન.એસ.એસ.પ્રવૃત્તિ અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર શ્રી આર.બી.ઝાલા, આસિ.શ્રી પી.આર.સોલંકી અને એન.એસ.એસ.સ્વયંસેવક ભાઈ-બહેનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર, સૌ શિક્ષકમિત્રો અને વહીવટી કર્મચારીઓના હસ્તે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું. પર્યાવરણને બચાવવાના પ્રયાસોમાં વિવિધ છોડના રોપા વાવી સૌએ પોતાનું યથાશક્તિ યોગદાન આપ્યું હતું. આચાર્યશ્રી સુથાર સાહેબે સૌને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, વૈશ્વિક પર્યાવરણમાં આવી રહેલા બદલાવની સામે પ્રાણીમાત્રનું જીવન ટકાવી રાખવું હશે તો વૃક્ષારોપણ જેવા પ્રયત્નો ખૂબ જરૂરી છે. તે જ માનવજાતને શુદ્ધ હવા,પાણી,ખોરાક અને આરોગ્ય આપી બચાવશે. વલ્લભવિદ્યાનગરનું પ્રાકૃતિક સૌંદર્ય પણ હરિયાળા દુર્લભ વૃક્ષોને આભારી છે ત્યારે આવનારી પેઢીએ પણ આવા કાર્યક્રમો દ્વારા જનજાગૃતિ કેળવી પ્રકૃતિના જતન, પોષણ અને સંવર્ધનના અવનવા કાર્યો કરવા જરૂરી છે

**ટી.વી. પટેલ હાયરસેકન્ડરી સ્કૂલમાં ૭૨મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં આજરોજ ભારતના ૭૨મા સ્વતંત્રતા દિનની ઉજવણી એન.એસ.સી.કેડેટ્સ અને એન.એસ.એસ.સ્વયંસેવકો દ્વારા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના નવનિયુક્ત કુલપતિ ડૉ.ભાવેશભાઈ પટેલ સાહેબ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર, સુપરવાઈઝર શ્રી સી.કે.ચૌધરી, સૌ શિક્ષકમિત્રો, બિનશૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં લેફ્ટ.એ.ડી.સિનોલ અને શ્રી આર.જે.મેકવાનના માર્ગદર્શન હેઠળ એન.સી.સી.કેડેટ્સ કુ.દીનલ પંડ્યા, કુ.નિધિ ચૌહાણે એસ્કોર્ટ કરી મહાનુભાવોને ધ્વજ સમીપ દોરી લાવ્યા હતાં જ્યારે કેડેટ્સ પ્રેમ સોલંકીએ ડૉ.ભાવેશભાઈ પટેલના વરદહસ્તે ધ્વજારોહણ કરાવી અને

સલામી આપી હતી. મુખ્ય મહેમાનપદેથી ડૉ.ભાવેશભાઈએ ૭૨મા સ્વતંત્રતા દિનની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે લોકોની સુખાકારીનો આંક ઊંચો લઈ જવો હશે તો એકતા, અખંડિતતા અને બંધુતાની ભાવના કેળવવી પડશે. આપણે સૌ પહેલા ભારતીય છીએ, પછી ગુજરાતી અને ત્યારબાદ હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ કે અન્ય. આપણે સૌ ભારતની આઝાદી પછી જન્મ્યા છીએ એટલે ગુલામીની યાતનાઓ આપણે સહન કરી નથી, પણ હવે આ દેશને પ્રગતિ, સમૃદ્ધિ અને સુખાકારી તરફ લઈ જવાની જવાબદારી આ યુવાનોના શિરે આવી છે. આપ સૌ શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરો અને ભારતનું નામ વિશ્વમાં રોશન કરો તેવી શુભકામના. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિ નૃત્ય-અભિનય ગીત રજૂ કર્યું હતું સંસ્થાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે સૌ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોને પણ આઝાદીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

**કલામહાકુંભ-૨૦૧૮માં આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલનો શ્રેષ્ઠ દેખાવ**

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રેરિત અને કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને આણંદ જિલ્લા વહીવટીતંત્ર, આણંદ દ્વારા સંચાલિત તાલુકા લેવલ કલામહાકુંભ-૨૦૧૮માં વિવિધ સ્પર્ધાઓમાં ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત આઈ.બી. પટેલે ઈંગ્લિશ સ્કૂલના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. કલામહાકુંભની તાલુકા લેવલની વિવિધ સ્પર્ધાઓમાં શાળામાંથી લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જે પૈકી શાળાની બ-ગ્રુપની ગરબા ટીમ તાલુકા લેવલે પ્રથમ તથા લગ્નગીત સ્પર્ધામાં દ્વિતીય આવી છે. જ્યારે વ્યક્તિ સ્પર્ધાઓ જેવી કે એકપાત્રિય અભિનયમાં પરમાર આસ્થા બી. પ્રથમ તેમજ ભરતનાટ્યમમાં ઈઝાવા શ્રુતિ દ્વિતીય ક્રમે આવ્યા છે. ખાસ નોંધનીય છે કે કલામહાકુંભ-૨૦૧૮માં તાલુકા લેવલે પ્રથમ આવનાર સર્વે વિજેતાઓ  આગામી ૨૭-૭ના રોજથી યોજાનાર જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં તાલુકા તેમજ શાળાનું પ્રતિનિધિત્વ કરશે. આ ઉપરાંત શાળાની વિદ્યાર્થિનીઓ દવે યશ્વી તેમજ ત્રિવેદી ઈશા જિલ્લા કક્ષાની કથ્થક સ્પર્ધામાં તેમજ શાળાના વિદ્યાર્થીઓનું રાસ વૃંદ સીધા જિલ્લા કક્ષાએ શાળાનું નેતૃત્વ કરશે. શાળાના આચાર્યશ્રી ડૉ. એમ.એસ. ખ્રિસ્તીએ સૌ વિજેતાઓ, સ્પર્ધકો તેમજ કન્વિનર શ્રીમતી કલ્પનાબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. તથા આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.)ના વિદ્યાર્થીનું સંગીતક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.) ફક્ત અભ્યાસક્ષેત્રમાં જ નહીં પરંતુ રમત-ગમત તથા સંગીતક્ષેત્રમાં પણ આગવું કૌશલ્ય ધરાવે છે. આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી કે જેઓ સંગીતમાં ઉચ્ચ પદવી ધરાવે છે તેઓ વિદ્યાર્થીઓને પણ આ ક્ષેત્રમાં પ્રોત્સાહન આપે છે.

શાળાના વિદ્યાર્થી કૌશલ ગઢવી (ધો:૧૧) કે જેને ગુજરાત રાજ્ય સંગીતકલા અકાદમી, ગાંધીનગર દ્વારા બાળકવિ તરીકે બિરુદ આપી શિલ્ડ તથા રૂ. ૫૦૦૦ થી સન્માન કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શ્રી મોરારીબાપુ તથા શ્રી રમેશભાઇ ઓઝા જેવી મહાન વિભૂતિઓએ હાજરી આપી હતી. તદ્ઉપરાંત ચારણ ગઢવી સમાજ દ્વારા આ બાળકવિને શિલ્ડ, કટાર તથા રૂા. ૧૦૦૦ ભેટ આપીને બહુમાન કરવામાં આવ્યું.

આ મહાન સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઇ બી. પટેલ, માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, શાળાના આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી તથા શાળા પરિવારે આ બાળકવિ એવા વિદ્યાર્થી કૌશલ ગઢવીને શાળાનું ગૌરવ વધારવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન સાથે ઉચ્ચ કારકિર્દી માટે આશીર્વાદ આપ્યા છે.

**આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ દેશભક્તિ નૃત્યમાં પ્રથમ**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.) ના વિદ્યાર્થીઓ આંતર શાળાકીય દેશભક્તિ નૃત્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવ્યા છે.

એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળા, વિદ્યાનગર દ્વારા તા. ૧૩-૮-૨૦૧૮ના રોજ દેશભક્ત નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની જિલ્લાની બહોળી શાળાઓએ ભાગ લીધો હતો. આ તમામ શાળાઓને પાછળ રાખીને માધ્યમિક વિભાગમાં આઇ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલે અવ્વલ નંબરે આવીને પ્રથમસ્થાન મેળવ્યું છે. આ સ્પર્ધામાં

ટીમના સભ્યો તરીકે ધો.૧૦ માંથી વિશ્વા, બંસરી, પ્રિયાંશુ, સ્વર અને ગર્વ તથા ધો. ૯ માંથી મિહીર ઠક્કર (લીડર), ભવ્ય, અમી, શ્રુતિ તથા રાધેશ્રી હતા. ધો-૧૨ના વિદ્યાર્થી વ્રજ પટેલે નૃત્યની કોરીઓગ્રાફી કરી હતી. આ તમામને સ્પર્ધાને અંતે શ્રી ડૉ. એસ.જી. પટેલ (મંત્રીશ્રીં, ચારુતર વિદ્યામંડળ), શ્રીમતી ધારાબેન (જજ), શ્રીમતી નેહાબેન રાવલ (જજ), શ્રીમતી રાખીબેન શાહ (પ્રમુખ, રોટરી ક્લબ), શ્રી કાન્તિભાઇ પટેલ (આચાર્યશ્રી એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળા)ના વરદ હસ્તે શિલ્ડ તથા મેડલ આપીને બહુમાન કર્યું હતું.

શાળાના આચાર્યશ્રી મહેશ સ્ટેલીન ખ્રિસ્તી, નિરીક્ષકશ્રી મહેન્દ્રભાઇ સેવક તથા શાળાના શિક્ષક શ્રી દર્શન એચ. સુધાર કે જેમના માર્ગદર્શન હેઠળ આ નૃત્ય સ્પર્ધામાં સફળતા પ્રાપ્ત થઇ એ બદલ શાળા પરિવારે તમામને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ આપી પ્રોત્સાહિત કર્યાં છે.

(અનુસંધાન-પૃ.૨૦ પરથી)

એક નિર્મળ સમભાવ પણ જોવા મળે છે. અને છેવટે ભારતીય સંસ્કૃતિમાં આ ત્રણેય ધારાઓ એકરૂપ થઈ ગયેલી જણાય છે. ભારતમાં આ બધી જે એકતા છે, તે સાંસ્કૃતિક એકતા છે અને સેંકડો ને હજારો વરસોના એકધારા પ્રયાસોથી તે સધાઈ છે. આ આખા ભૂખંડને પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ જોડવાનું કામ અહી સતત થયું છે. ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કાર-નદીઓ મળી છે. તેથી જ અહી 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્દભવ્યો. આ શબ્દ ભારતીય સંસ્કૃતિને એટલા વાસ્તે સૂઝ્યો કે આ સંસ્કૃતિમાં સદાય એવો ખ્યાલ કરવામાં આવ્યો છે કે આપણે સંકુચિત નથી, સીમિત નથી, આપણે વ્યાપક છીએ, અત્યંત વ્યાપક છીએ. આને જ તો 'દર્શન' કહે છે. આવા દર્શન અનુસાર આચરણ કરવામાં અને જીવન ઘડવામાં ભલે ગમે તેટલો વખત લાગે, ભલે યુગ વીતી જાય, પણ દર્શન તો દર્શન જ છે.

"પરમેશ્વરી"પ્લોટ નં-૧૬૫, હરિક્રિષ્ના પ્રોવિઝન સ્ટોરની બાજુમાં, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ભુજ કચ્છ-૩૭૦૦૦૧ ગુજરાત (૯૪૨૮૦૭૭૨૯૫)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ **'ચારુતર વિદ્યામંડળ'**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઇ-મેઇલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com

લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એરીબાસ કોલેજ ખાતે યોજાયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન પ્રસંગે વિવિધ તસવીરોમાં સંસ્થાના ઈન્ચાર્જ નિયામક ડૉ. ભક્તિ બાજપાઈ, ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસીએશનના કન્વીનર ડૉ. મુકુંદચંદ્ર ઠાકુર આઈક્યુએસી કો-ઓર્ડિનેટર ડૉ. શિલ્પા ગુપ્તે તથા આમંત્રિત ભૂતપૂર્વ વિદ્યાર્થીગણ દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજની વિદ્યાર્થીનીઓ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પીયન થઈ હતી તે પ્રસંગે લેવાયેલ તસવીરમાં સંસ્થાના આચાર્યા ડૉ. વહીદા થોમસ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર ભરત તારપરા, જગદીશભાઈ સુથાર , અન્ય મહાનુભાવો તથા વિદ્યાર્થીનીઓ ટ્રોફી સાથે દશ્યમાન થાય છે.

V-Vidyanagar 20 (9) September 2018 Postal Regd. No. AND/318/2018-20
Published on Wednesday, 05.09.2018 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 36 Including Cover & Center Page Posted at Vallabh Vidyanagar on
ISSN 0976 – 9609 V-Vidyanagar 5th of Every Month



*"Education should be imparted with a view to the type of society that we wish to build. We are working for a modern democracy built on the values of human dignity and equality. These are only ideals: we should make them living force. Our vision of the future should include these great principles."*

**Dr.Sarvapalli Radhakrishnan**
**5 September-1888- 17 April 1975**

**Editor: Dr. Urvish Chhaya** **Printed at Anand Press, Anand 388 001**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)

Type Setting ASF Computers - 80002 74250